dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 110 | AD - 2025, Paush Vad- 09 | Thursday, Dt.23-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**મહારાષ્ટ્ર પુષ્પક એક્સપ્રેસમાં આગની અફવાથી મુસાફરો પાટા પર કૂદ્યા અને સામેથી આવતી ટ્રેને અડફેટે લીધા**

# મહારાષ્ટ્રમાં પુષ્પક એક્સપ્રેસમાંથી ઉતરેલા પ્રવાસીઓ પર ફરી વળી કર્ણાટક એક્સપ્રેસ : ૧૨ના મોત

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રમાં પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગવાની અફવા ફેલાઈ હતી જેના કારણે ઘણા મુસાફરો ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા, બીજી બાજુથી આવતી ટ્રેનની ટક્કરથી ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા. રેલવે અધિકારીના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં ચેઈન ખેંચાયા પછી પાટા પરથી ઉતરી ગયેલી બીજી ટ્રેનના મુસાફરો પર એક ટ્રેન ચઢી ગઈ હતી, જેમાં ઘણા મુસાફરોના મોત થયા હતા. સત્તાવાર નિવેદન અનુસાર, અત્યાર સુધીમાં આઠ લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૩૦ થી વધુ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. આ ટ્રેન રોકાઈ ગઈ હતી અને લોકો બહાર હતા. આગની અફવાઓ વચ્ચે, મુસાફરોએ ટ્રેનમાંથી કૂદી પડ્યા અને આ દરમિયાન, બીજી ટ્રેનની ટક્કરથી ૮ મુસાફરોના મોત થયા. વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ જલગાંવ જવા રવાના થઈ ગયા છે. મળતી માહિતી મુજબ, આ ટ્રેન લખનૌ શોર્ટ લાઈન થઈને મુંબઈ જાય છે. પુષ્પક એક્સપ્રેસ મુંબઈથી ભુસાવલ અને પચૌરા વચ્ચે જઈ રહી હતી અને આ





ઘટના પરાધડે ગામ નજીક બની હોવાનું કહેવાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેનને કોઈ કામના કારણે સાવધાની રાખવાના આદેશો મળ્યા હતા, જેના કારણે ટ્રેન રોક્યા પછી, જ્યારે બ્રેક લગાવવામાં આવી, ત્યારે પૈડામાંથી તણખા નીકળ્યા અને તે દરમિયાન ટ્રેનમાં અફવા ફેલાઈ ગઈ કે ટ્રેનમાં આગ લાગી ગઈ છે. આ સાંભળીને કેટલાક લોકો ટ્રેનમાંથી કૂદી પડ્યા. કર્ણાટક એક્સપ્રેસ બીજા ટ્રેક પરથી આવી રહી હતી અને લગભગ એક ડઝન લોકો તેની ઝપેટમાં આવી ગયા હતા. ૩૦ થી ૪૦ મુસાફરો ઘાયલ થયા. તેમને નજીકના ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. મીડિયા રિપોર્ટ મુજબ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં ૩૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના જલગાંવથી ૨૦ કિલોમીટર દૂર બની હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. B4 બોગીમાં સ્પાર્કિંગ થતાં પુષ્પક એક્સપ્રેસને રોકી દેવામાં આવી હતી. બ્રેક લગાવતા ટ્રેનના પૈડામાંથી ધુમાડો નીકળ્યો ૧૨૬૯૬ કર્ણાટક સંપર્ક ક્રાંતિ યશવંતપુરથી હઝરત નિઝામુદીન જઈ રહી હતી, જ્યારે પુષ્પક એક્સપ્રેસ લખનઉથી મુંબઈ જઈ રહી હતી. અહેવાલો અનુસાર, બ્રેક લગાવતી વખતે પુષ્પક એક્સપ્રેસના પૈડામાંથી ધુમાડો નીકળ્યો. આ કારણે મુસાફરોમાં ટ્રેનમાં આગ લાગી

**બોગીમાં સ્પાર્કિંગ થતાં પુષ્પક એક્સપ્રેસને રોકી દેવામાં આવી હતી**

હોવાની અફવા ફેલાઈ ગઈ. રેલવે અધિકારીઓએ પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. મધ્ય રેલ્વેના ભુસાવલ વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જે જગ્યાએ ઘટના બની ત્યાં એક તીવ્ર વળાંક હતો, જેના કારણે ટ્રેક પર બેઠેલા મુસાફરો ટ્રેનના આગમનનો ખ્યાલ ન મેળવી શક્યા. એસીપીનું કારણ જાણવા મળ્યું નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.




# ભાજપે સમગ્ર દિલ્હીમાં ગુંડાગીરીનો આશરો લીધો છે : અરવિંદ કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે. આવી સ્થિતિમાં, બધા રાજકીય પક્ષો લોકોને આકર્ષવામાં વ્યસ્ત છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, સમાજના દરેક વર્ગ માટે કેટલાક આકર્ષક વચનો આપવામાં આવી રહ્યા છે. દરમિયાન, બુધવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી અને દેશના મધ્યમ વર્ગને લગતા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરી. કેજરીવાલે જાહેરાત કરી કે તેઓ અને આપ મધ્યમ વર્ગનો અવાજ બનશે. દેશનું બજેટ આજથી બે અઠવાડિયા પછી રજૂ થવાનું છે. તેમના મુદ્દાઓ ઉઠાવવામાં આવશે. કેજરીવાલે માંગ કરી છે કે દેશનું આગામી બજેટ મધ્યમ વર્ગ માટે હોવું જોઈએ. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે ધર્મ અને જાતિના નામે ઘણા વચનો આપવામાં આવે છે. સમાજના નીચલા વર્ગ માટે ઘણા વચનો આપવામાં આવે છે. ઉદ્યોગપતિઓને ઘણા વચનો આપવામાં આવે છે. કેટલાક લોકો તેમની વોટ બેંક હોય છે. વચ્ચે એક વર્ગ છે જે કચડી નાખવામાં આવ્યો છે. ૭૫ વર્ષમાં એક પછી એક પક્ષ સત્તામાં આવ્યા. દરેક સરકારે મધ્યમ વર્ગને દબાવ્યો છે. તેઓ મધ્યમ વર્ગ માટે કંઈ કરતા નથી પણ ટેક્સના હથિયારનો ઉપયોગ કરે છે. મધ્યમ વર્ગ સરકારનું



એટીએમ બની ગયો છે. આપ કન્વીનર અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે તેઓ મધ્યમ વર્ગનો અવાજ શેરીઓથી સંસદ સુધી ઉઠાવશે. કેજરીવાલે કહ્યું કે અમે જનતાના પૈસા જનતા પર ખર્ચ કરીએ છીએ. અમે દિલ્હીનું શિક્ષણ બજેટ ૧૬ હજાર કરોડ રૂપિયા કર્યું છે. કેજરીવાલે કહ્યું કે વર્ષ ૨૦૨૦ માં ૮૫ હજાર લોકો ભારત છોડીને ગયા હતા. આ સાથે કેજરીવાલે કેન્દ્ર સરકાર પાસેથી ૭ મહત્વપૂર્ણ માંગણીઓ કરી છે. જેમાં સૌ પ્રથમ, શિક્ષણ બજેટ ૨% થી વધારીને ૧૦% કરવું જોઈએ અને ખાનગી શાળાઓ પર નિયંત્રણ રાખવું જોઈએ,ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને શિષ્યવૃત્તિ આપવી જોઈએ, આરોગ્ય બજેટ પણ વધારીને ૧૦% કરવું જોઈએ. આરોગ્ય વીમામાંથી કર દૂર કરવો જોઈએ,આવકવેરા મુક્તિ મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવી જોઈએ,આવશ્યક ચીજવસ્તુઓ પરનો જીએસટી નાબૂદ થવો જોઈએ, વરિષ્ઠ નાગરિકો માટે મજબૂત નિવૃત્તિ યોજનાઓ બનાવવી જોઈએ અને તેમને દેશભરમાં મફત સારવાર પૂરી પાડવી જોઈએ,રેલવેમાં વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી છૂટછાટો ફરીથી લાગુ કરવી જોઈએ. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભાજપ હિંસા અને ગુંડાગીરીમાં સામેલ છે. ભાજપે સમગ્ર દિલ્હીમાં ગુંડાગીરીનો આશરો લીધો છે. કોઈપણ ઉમેદવાર પોતાની હાર જુએ ત્યારે જ હિંસાનો આશરો લે છે. આજે ભાજપ દિલ્હીમાં ઐતિહાસિક હાર તરફ આગળ વધી રહી છે. સમગ્ર દિલ્હી પોલીસને કાયદો અને વ્યવસ્થામાંથી દૂર કરી દેવામાં આવી છે અને આપ સામે તૈનાત કરવામાં આવી છે. તેમને ભાજપ માટે પ્રચાર કરવા માટે મૂકવામાં આવ્યા છે.




# કર્ણાટકના યલાપુરામાં માર્ગ અકસ્માત, ૧૦ લોકોના મોત અને ૧૫ ઘાયલ



(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૨૨

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં યલાપુરા હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. અહીં ગુલાપુરામાં, શાકભાજી લઈ જતી એક ટ્રકે કાબુ ગુમાવ્યો અને ટ્રિપર સાથે અથડાઈ ગઈ, જેના કારણે ટ્રક સંપૂર્ણપણે નાશ પામ્યો. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૧૫ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત સવારે લગભગ ૪ વાગ્યે થયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બુધવારે વહેલી સવારે શાકભાજીનો ટ્રક ૫૦ મીટર ઊંડી ખાડીમાં પડી ગયો હતો. પીડિતો, બધા ફળ વિક્રેતાઓ, સાવનુરથી નીકળ્યા હતા અને ફળો વેચવા માટે યલાપુરા મેળા તરફ જઈ રહ્યા હતા. ઉત્તરા કન્નડના પોલીસ અધિક્ષક એમ નારાયણે જણાવ્યું હતું કે તેઓ સાવનુર-હુબલી રોડ પર મુસાફરી કરી રહ્યા હતા અને આ અકસ્માત જંગલ વિસ્તારમાં થયો હતો. નારાયણે મીડિયાને જણાવ્યું, 'સવારે લગભગ ૪ વાગ્યે, ટ્રક ડ્રાઈવર બીજા વાહનને રસ્તો આપતી વખતે ડાબી બાજુ વળ્યો અને લગભગ ૫૦ મીટર ઊંડી ખીણમાં પડી ગયો.' તેમણે કહ્યું કે ખીણમાં રસ્તા પર કોઈ સલામતી દિવાલ નથી. '૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા,' અધિકારીએ જણાવ્યું. ઘાયલોને હુબલીની કેઆઈએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કર્ણાટકના રાયચુરમાં પણ માર્ગ અકસ્માતનો એક કેસ નોંધાયો હતો. અહીં એક વાહન પલટી જતાં ચાર લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના સિંધનુરમાં બની હતી. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ માતાપિતાને સોંપવામાં આવ્યો. આ કેસ સિંધનુર ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા. ૨૩-૦૧-૨૦૨૫

# લીલીયા તાલુકાનાં મોટા કણકોટ ગામે દિપડાનો આતંક: પાંચ પશુઓનાં મોત



લીલીયા, તા.૨૨

અમરેલી જિલ્લામાં રેવન્યુ વિસ્તારમાં અવારનવાર વન્યપ્રાણીઓ સિંહ અને દિપડાનો ત્રાસ વધવા પામ્યો છે. ત્યારે લીલીયા મોટા તાલુકાનાં મોટા કણકોટ ગામે એક વાછરડો અને ઘેટાંના ચાર બચ્ચાનાં દિપડાએ મોત નિપજાવ્યા હતાં. મોટા કણકોટ ગામે ગત રાત્રીનાં વંડામાં ઘેટાં, ભેંસો, ગાયો રાખેલ વંડાનું રખોપું કરતા ભીમાભાઈ નાજાભાઈ માંગુકા બિમાર હોય તેવો ઘરે સુતા હોય તે દરમિયાન અચાનક મોડીરાત્રીનાં દિપડાએ આવીને વાછરડો તેમજ ઘેટાના બચ્ચાને ઢસડીને અને બે બચ્ચાને પાછળના ભાગે લઈ જઈ મોત નિપજાવેલ હતું. ભીમાભાઈએ જણાવ્યુ હતુ કે દિપડાએ ૫ થી ૬ ફૂટ ઉંચા વંડામાં કૂદકો મારી પાંચ નાના ઘેટા અને એક નાના વાછરડાનું મારણ કરેલ જાણવા મળેલ હતું. આ બાબતે જંગલખાતાને જાણ કરાતાં તેઓ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહાકુંભ મેળા માટે જેતલસર-પ્રયાગરાજ અને મહુવા-પ્રયાગરાજ વિશેષ ટ્રેન સેવા શરૂ કરવા માંગ



અમરેલી, તા.૨૨

મહાકુંભ મેળામાં શ્રદ્ધાળુઓની સુવિધા માટે સાંસદ ભરત સુતરીયાએ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવજીને પત્ર લખીને જેતલસર-પ્રયાગરાજ અને મહુવા-પ્રયાગરાજ વચ્ચે વિશેષ ટ્રેન સેવા શરૂ કરવાની માંગ કરી છે. પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં લાખો શ્રદ્ધાળુઓની ભાગીદારીની અપેક્ષા છે. ત્રિવેણી સંગમ કિનારે યોજાનાર આ મહાકુંભ મેળો ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ ધરાવતા આ મેળામાં અમરેલી લોકસભા મતવિસ્તારમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જવાના હોવાથી તેમની સુવિધા માટે આ વિશેષ ટ્રેન સેવાની માંગ કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓને સલામત અને સરળ પ્રવાસની સુવિધા મળી રહે તે માટે રેલવે વિભાગને તાત્કાલિક પગલાં લેવાની વિનંતી કરવામાં આવી છે. આ વિશેષ ટ્રેન સેવાઓ શરૂ થવાથી માત્ર શ્રદ્ધાળુઓની યાત્રા જ સરળ નહીં બને, પરંતુ વિસ્તારના પ્રવાસન અને આર્થિક વિકાસને પણ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લા અદાલત ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી થશે

**મુખ્ય જિલ્લા ન્યાયાધીશના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવશે**

અમરેલી, તા.૨૨

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ રવિવારના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી થશે. અમરેલી જિલ્લા અદાલત કમ્પાઉન્ડ ખાતે સવારે ૧૦ વાગ્યે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવશે. જિલ્લાની તમામ અદાલતના ન્યાયાધીશઓ, તમામ કર્મચારીઓ, વકીલઓ સહિતની ઉપસ્થિતિ રહેશે તેમ અમરેલી જિલ્લા અદાલતના રજિસ્ટ્રારએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# સા.કુંડલાની શાળામાં વિદ્યાર્થીઓને ફાયર સેફટી અંગે તાલિમ આપવામાં આવી



સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા શહેરની બ્રાંચ શાળા નંબર ૫માં ૨૧ જાન્યુઆરીએ અમરેલી ફાયર સેફટી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ફાયર સેફટીને સંબંધિત માહિતી અને તાલીમ આપવામાં આવી હતી. અમરેલીના ફાયર સેફટી ડીપાર્ટમેન્ટના અધિકારીઓએ શાળાના આચાર્ય અભિષેકભાઈ પંડયા અને સમગ્ર શાળા સ્ટાફની હાજરીમાં ધોરણ-૬, ૭ અને ૮ ના વિદ્યાર્થીઓને ફાયર સેફટી માટેના વિવિધ સાધનોની સમજ અને લાઈવ ડેમો આપવામાં આવ્યો હતો. જેમાં ફાયર એક્સ્ટીંગ્વીશર, ફાયર સેફટી હેલ્મેટ, ફાયર સેફટી સૂટ અને લાઈન હોઝ વગેરે જેવા સાધનોની માહિતી આપવામાં આવી હતી અને બાળકોને આગના બનાવો વખતે કેવી તકેદારી રાખવી માહિતગાર કરવામાં આવ્યા હતા.

# છેલ્લા બે વર્ષથી સજા પામેલા ફરાર આરોપીને રાજુલા પોલીસે પકડયો



રાજુલા, તા.૨૨

રાજુલા પોલીસને છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડવામાં સફળતા મળી છે. જીતુભાઇ મગનભાઇ સોલંકી (તત્વજ્યોતિ મંદિર પાસે, હાલ લીલાપીરની ધાર તા.રાજુલા) નામના આરોપીને અમરેલીની સેશન કોર્ટ દ્વારા તા.૧૧/૦૫/૨૦૨૩ના રોજ પોલીસની ફરજમાં રુકાવટ અને વ્યવસ્થાના ગુનામાં એક વર્ષની સજાનો હુકમ થયો હતો. આ આરોપી છેલ્લા બે વર્ષથી સજા ટાળવા નાસતો ફરતો હતો, જેને ચોક્કસ બાતમીના આધારે પકડીને કાર્યવાહી કરેલ છે.

# અમરેલી તાલુકામાં વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતાં ધારાસભ્ય કૌશિક વેકરીયા



અમરેલી, તા.૨૨

અમરેલી વિધાનસભા વિસ્તારનાં જુદા-જુદા ગામોમાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાનાં હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં હતા. અમરેલી તાલુકાનાં મોટા ગોખરવાળા ગામે પશુ સારવાર નિદાન કેન્દ્ર સહિતનાં વિકાસલક્ષી કામો અને ખડખંભાળીયા ગામે વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે મોટી સંખ્યામાં બન્ને ગામનાં ગ્રામજનો અને આગેવાનો હાજર રહ્યાં હતા.

# અમરેલી જિલ્લામાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાની સાથે પોસ્ટ ઓફિસ દ્વારા ડાક ચોપાલનું આયોજન

અમરેલી તા.૨૨

ભારતીય ડાક વિભાગ દ્વારા તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬માં ગણતંત્ર દિવસ નિમિત્તે એક ખાસ કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લાની દરેક પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે ડાક ચોપાલનું પણ આયોજન છે. કેન્દ્રીય સેવાઓની સાથે રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક જ સ્થળે મળી શકશે. 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ, નિકાસ સેવાઓ સહિતની તમામ નાગરિક કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃત્તિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે. તેમ અમરેલી ડિવીઝન ડાકઘરના અધિક્ષકે એક યાદીમાં જણાવ્યું છે.

# ખેલ મહાકુંભ સ્પધર્ામાં મિતિશાએ ચેસમાં નાની વયે ઈતિહાસ રચ્યો



અમરેલી, તા.૨૨

ખેલ મહાકુંભ ૨૦૨૫ અન્વયે અન્ડર ૧૧ની તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા નૂતન મીડલ સ્કુલ ખાતે યોજાયેલ. જેમાં અમરેલીની સેંટ મેરી સ્કુલના ધો. ૧ની વિદ્યાર્થિની મિતિશા મયુરભાઈ ત્રિવેદીએ સતત પાંચ મેચ રમીને હાર્યા વગર પ્રથમ સ્થાને આવતા તાલુકા કન્વીનર અને રાજય તથા જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ પી.ડી.મીયાણીએ અભિનંદન પાઠવેલ. જિલ્લા કક્ષાની સ્પર્ધા સંકુલ ખાતે યોજાયેલ જેમાં જિલ્લાભરના ૧૧ તાલુકાના પ્રથમ અને બીજા ક્રમે આવેલ ચેસ ખેલાડીઓ વચ્ચેની અન્ડર ૧૧ની સ્પર્ધામાં મિતિશાએ સતત ૭ મેચ રમીને ધો. ૧ની અને નાની ઉંમરે પ્રથમ નંબરે વિજેતા બની મિતિશાએ ચેસની દુનિયામાં ઈતિહાસ રચ્યો છે.

# અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંક દ્વારા યુવાનનું આકસ્મિક અવસાન થતાં વીમા રાશી જમા કરાવી



લીલીયા, તા.૨૨

લીલીયા મોટા ખાતે થોડા દિવસો પહેલા વાલ્મીકિ સમાજના યુવાનનું આકસ્મિક અવસાન થયેલું જેની જાણ જીતુભાઈ વઘાસિયાને થતાં બેંકની કમ્પ્યુટર સિસ્ટમમાં ચેક કરતા સ્વર્ગવાસ પામનાર યુવાન પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના સાથે જોડાયેલ હતા. ત્યારે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વઘાસિયા અને તમામ સ્ટાફ દ્વારા જરૂરી ડોક્યુમેન્ટ્સ મેળવી વીમા યોજના મારફત ફકત આઠ દિવસની અંદર જરૂરી કાર્યવાહી કરી રૂા.૨૦૦૦૦૦/- (બે લાખ)ની વીમા રાશિ મંજૂર કરાવી હતી અને વારસદાર કોમલબેન રવિભાઈ વાળાનાં બચત ખાતામાં રકમ જમા કરાવેલ હતી. આ તકે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને જનરલ મેનેજર બી. એસ.કોઠિયા તેમજ જીતુભાઈ વઘાસિયા અને મનીષભાઈ ધાનાણી તેમજ સ્ટાફનો આભાર વ્યકત કરેલ હતો.

# સાવરકુંડલામાં ઉતાવળા હનુમાન મંદિર ખાતે નિ:શુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા.૨૨

નિયામક આયુષની કચેરી - ગુજરાત રાજ્ય અને જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાના પીઠવડી દ્વારા આજે સાવરકુંડલા સ્થિત ઉતાવળા હનુમાન મંદિર ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી યોજાયેલા આ નિદાન કેમ્પમાં દર્દીઓને સારવાર ઉપરાંત દિનચર્યા અને ઋતુચર્યા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ઋતુજન્ય રોગચાળા સામે રક્ષણ મેળવવા માટે શમન વટી અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ નિ:શુલ્ક નિદાન કેમ્પમાં વૈદ્ય કે.બી. ગોંડલિયા અને વૈદ્ય દેવેન્દ્ર ચૌહાણે સેવાઓ આપી હતી. આ કેમ્પ દ્વારા સ્થાનિક લોકોને આયુર્વેદિક સારવાર અને માર્ગદર્શન મળી રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજમાં નાણાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજમાં BCA વિભાગના વિદ્યાર્થીઓ માટે નાણાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) અને સી ડી એસ એલ (CDSL) દ્વારા આયોજિત આ સેમિનારમાં



વિદ્યાર્થીઓને કેપિટલ માર્કેટની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અતુલ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ચાલુ સત્રમાં અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને BCA વિભાગના કો-ઓર્ડીનેટર અભિષેકભાઈ જોશીએ હાજરી આપી સ્ટાફ અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. અધ્યાપક વિપુલ બાલધાએ કાર્યક્રમનું સફળ સંચાલન કરી આભારવિધિ કરી હતી.

# કુકાવાવના બાંભણિયા ખાતે કૌશિક વેકરિયા દ્વારા ભૂગર્ભ સંપનું ખાતમુહૂર્ત

કુંકાવાવ, તા.૨૨

કુકાવાવ તાલુકાના બાંભણિયા ગામ ખાતે આજે સવારે સરપંચ ચંદ્રિકાબેન લાલજીભાઈ ભુવા દ્વારા ભૂગર્ભ સંપના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. અમરેલી-કુકાવાવના ધારાસભ્ય અને નાયબ મુખ્ય ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયા, રવિ રાંદલ માતાજીના મહંત



હરેશપ્રગટ બાપુના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તુષારભાઈ ગણાત્રા, વસંતભાઈ સોરઠીયા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, રમેશભાઈ સાકરીયા, જલ્પેશભાઈ મોવલીયા, પીવી વસાણી, આજુબાજુના ગામના સરપંચો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# નવી શરૂ થયેલી અમરેલીથી અંબાજીની બસને વાયા બાબરા ચલાવવા માગણી

**ઉત્તર ગુજરાત માટે ૨-૩ બસ શરૂ કરવા અનેકવાર રજૂઆત**

બાબરા, તા.૨૨

અમરેલી ડેપોમાંથી નવી શરૂ થઈ રહેલી એસ.ટી બસ રાત્રે ૮.૩૦ ઉપડી સવારે ૭.૨૦ કલાકે અંબાજી પહોંચશે. બાબરાથી ઉત્તર ગુજરાત તરફ જવા માટે એક પણ બસ ઉપલબ્ધ નથી. બધી બસો વાયા લાઠી, ચાંવડ થઈ જાય છે.



આથી આ નવી શરૂ થઈ રહેલી બસને વાયા બાબરાથી ચલાવવા માટે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણ, ભાજપ આગેવાન બિપિનભાઈ રાદડિયાએ રજુઆત કરી છે. જો આ બસ બાબરા થઈને જાય તો પૂરતા પ્રમાણમાં પેસેન્જર પણ મળી રહેશે અને યાત્રાધામ અંબાજીમાં દર્શન પણ લોકો કરી શકે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત તરફ જવા માટે ૨-૩ બસ ફાળવવા માટે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે.

# એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા બાબરાના પોકસો કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**બચાવ પક્ષે વકીલ જે. આર. વાળાની દલીલો ગ્રાહ્ય રહી હતી**

બાબરા, તા.૨૨

બાબરા પોલીસ સ્ટેશનમાં ભાવેશભાઈ ઉર્ફે રાહુલ શંભુભાઈ મેતલીયાની સામે આઈપીસી ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટ ૧૮ મુજબની કલમો સાથે ફરિયાદ થતાં તેની



અટક કરવામાં આવેલ હતી. પોલીસે આરોપી સામે પૂરતા પુરાવાઓ એકત્રિત કરી કોર્ટમાં ચાર્જશીટ કરેલ. ત્યારબાદ કેસની ટ્રાયલ શરૂ થયેલ જેમાં ફરિયાદી, પંચો, સાહેદો, સરકારી સાહેદો, એફએસએલ અધિકારી, ડોક્ટર્સ તથા કેસની તપાસ કરનારની વિગતો ધ્યાને લઈને અંતે કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ કરેલ. આ કેસમાં બચાવ પક્ષે ધારાશાસ્ત્રી જે. આર. વાળા, એન. પી. વસાણી અને એચ. આર. મેવાડા રોકાયેલા હતા.

## અવસાન નોંધ

**કોડીનાર**

ગં.સ્વ.હંસાબેન નવલશંકર જાની (ઉ.વ.૮૧)નું તા.૨૦/૦૧ના રોજ રામ ચરણ પામ્યા છે. તે ભરતભાઈ જાની (કોડીનાર), ચેતનભાઈ જાની(રાજુલા), આશાબેન ઓઝા(અમદાવાદ)ના માતા અને વિરેનભાઈ (ભરૂચ), દેવેનભાઈ (અમદાવાદ) તથા આશુતોષભાઈના દાદી થાય છે. તેમનું સદ્ગતનું બેસણુ તા.૨૭/૦૧ના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે બ્રહ્મપુરી કોડીનાર ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરાના સુડાવડ ગામના નિવાસી ઠક્કર વસંતજીભાઈ લાલજીભાઈ ગોંધીયા ઉ.વ.૮૭ તે રમેશભાઈ તેમજ કમલેશભાઈના પિતા અને કાંતિભાઇ તેમજ નીતિનભાઈના કાકા તા. ૨૨ ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. જેમનું સદગતનું ઉઠમણું તેમજ બેસણું તા ૨૩ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ તેમના નિવાસસ્થાન સુડાવડ ખાતે રાખેલ છે.

**ધોરાજી**

ધોરાજી નિવાસી ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ. ગુણવંતરાય અમૃતલાલ મહેતા ઉંવ. ૮૭ તેઓ સરોજબેન યોગેશભાઈ ભટ્ટ રાજકોટ, પ્રજ્ઞાબેન અજયભાઈ ભટ્ટ ગાંધીનગર, શોભાબેન કમલેશભાઈ પંડ્યા રાજકોટ, તથા ચેતનભાઇ જી. મહેતા (તાલુકા પંચાયત) ના પિતાશ્રી તથા ચંદ્રકાંતભાઈ મહેતા રાજકોટ, અને દિનેશભાઈ મહેતા રાજકોટ ના મોટાભાઈ તેમજ એકતા હિતાર્થ ભટ્ટ તથા સંકેતના દાદાનું તા. ૨૨/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગત નું બેસણું તા ૨૩/૧ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સમસ્ત બ્રહ્મ સમાજની વાડી બગીચા પાસે ધોરાજી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.ઉકાભાઈ નાનજીભાઈ મકવાણા ઉ. વ.૮૨)નું તા.૧૯/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જયેશભાઈ ઉકાભાઈ મકવાણા, મુકેશભાઈ ઉકાભાઈ મકવાણા, શિવાભાઈ ઉકાભાઈ મકવાણા જીતેન્દ્રભાઈ ઉકાભાઈ મકવાણાના પિતાશ્રી થાય છે. તેમની સદગતની સાદડી તા.૨૩/૧ના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન રઘુવંશીપરા જયશ્રી સિનેમા પાછળ માધવ પાન સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**સાવરકુંડલા**

સ્વ.પૂનમબેન ભિખુગીરી ગોસાઈનું તા.૨૧/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભીખુગીરી વીરગીરી ગોસાઈના પુત્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૩/૧ના રોજ બપોરે ૪ થી ૬ અમારા નિવાસ સ્થાન શ્રીજી નગર ગુરુકુળ પાસે “જય હિંગળાજ” સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**મહુવા**

ગં.સ્વ.યશોમતીબેન રેવાશંકર પંડયા (ઉ.વ.૮૦)નું દુઃખદ અવસાન થયેલ છે. તે હરદતભાઈ, સ્વ.અરવિંદભાઈ તથા રમેશભાઈ શિવ શંકરભાઈ પંડયાના મોટા ભાભી થાય તથા જાગૃતીબેન અને ભાવિકાબેન સુધીરભાઈ રાજયગુરુ, સ્વ. પરાશરભાઈના માતૃશ્રી અને પ્રણવભાઈ, સ્વ.શુભમના મોટા બા અને સુધીરભાઈના સાસુ , કલ્પનાબેન ધનેશકુમાર જોશી (મહુવા), દર્શનાબેન રાજનકુમાર જોશી(સુરત), જીતેનભાઈ, અમિતભાઈ, યશભાઈ તથા નિધિબેનના મોટા ભાભુ તેમજ સ્વ. કમળાબેન ભાસ્કર રાય પુરોહિતના મોટા ભાભી થાય તથા ચુનીલાલ વિષ્ણુરામ રાજયગુરુ( મહુવા)ના વેવાઈ થાય તેમજ સ્વ.અંબા શંકરભાઈ વિરેશ્વર ભટ્ટ (ભાવનગર)ના દીકરી, સ્વ.રેવાશંકરભાઈ, સ્વ. ભાનુશંકરભાઈ, સ્વ.જેન્તીભાઈના ભત્રીજી અને સ્વ.મનસુખભાઈ તથા સ્વ.ધીરજલાલ રણછોડભાઈના ભાણેજ, સ્વ.બાલાશંકરભાઈ આણંદજીભાઈ જોષી અને સ્વ.જગન્નાથભાઈ, આણંદભાઈ જોષીના ભાણેજ,વહુ તથા સ્વ.જીતેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ ભટ્ટ, સ્વ.ઉષાબેન જગદીશભાઈ પંડયા અને વર્ષાબેન દિવ્યાંગભાઈ ત્રિવેદી, દક્ષાબેન જીગ્નેશભાઈના મોટા બેન થાય છે. તેમની સાદડી પક્ષ તથા પિયર પક્ષની સંયુક્ત સાદડી તા. ૨૩/૦૧/૨૦૨૫, સાંજના ૩થી ૫:૩૦ કલાકે સુધી ગુરુવારના રોજ ગુરુ બાગ, ગાયત્રીનગર રોડ મહુવા મુકામે રાખેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત
॥ ધ્વજવંદન નિમંત્રણ ॥
૭૬ માં પ્રજાસત્તાક દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે.
ધ્વજવંદન બાદ સંસ્થાનાં સ્ટુડન્ટ્સ દ્વારા માર્ચપાસ્ટ, સમૂહ કવાયત, યોગાસન અને જિમનાસ્ટીકનાં કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ, પેરન્ટસ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.
:: ધ્વજ વંદન :: માનનીયશ્રી ગગજી સુતરિયા (પ્રમુખ સેવક, સરદારધામ, અમદાવાદ)
:: અધ્યક્ષ સ્થાન :: માનનીયશ્રી બી. એલ. રાજપરા (ઉપપ્રમુખશ્રી, શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલ, ટીંબી)
:: અતિથિ વિશેષ ::
શ્રી પરેશભાઈ ગજેરા – પ્રમુખશ્રી, સરદારધામ, સૌરાષ્ટ્ર ઝોન
શ્રી દિનેશભાઈ ભુવા (પ્રમુખશ્રી, લેઉવા પટેલ સમાજ) | શ્રી ઠાકરશીભાઈ મેતલીયા (પ્રમુખશ્રી, કડવા પટેલ સમાજ)
શ્રી ગીરીશભાઈ ભીમાણી (પૂર્વ કુલપતિશ્રી, સૌ. યુનિ.) | પૂ. શ્રી ભક્તિરામ બાપુ (મહંતશ્રી, ભોજલધામ)
શ્રી સુરેશભાઈ દેસાઈ (પ્રમુખશ્રી, ખોડલધામ સમિતિ) | શ્રી વજુભાઈ ગોલ (પ્રમુખશ્રી, ઉમિયાધામ સમિતિ)
શ્રી મનુભાઈ દેસાઈ (સમાજ શ્રેષ્ઠીશ્રી) | શ્રી કાળુભાઈ ભંડેરી (સમાજ શ્રેષ્ઠીશ્રી)
તા. ૨૬/૦૧/૨૦૨૫ ને રવિવાર, સવારે ૦૯:૦૦ કલાકે.
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી.
:: લોકાર્પણ ::
શ્રીમતિ એલ. વી. બાબરીયા એકલેરાવાળા ઈન્ટરનેશનલ સ્કૂલ
:: લોકાર્પણકર્તા ::
શ્રીમતિ લીલીબેન વિરજીભાઈ બાબરીયા
શ્રી વિરજીભાઈ દેવરાજભાઈ બાબરીયા
સમય :- સવારે ૦૮:૩૦ કલાકે
:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી | શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી | શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી | શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી
-Ad099



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટ્રુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠકકર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સાવરકુંડલા શહેરમાં આવેલ વોર્ડ નંબર ત્રણ ભૂગર્ભ ગટરનાં કામનો પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૨



ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશમંત્રી તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ભૂગર્ભ ગટરના કામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાવરકુંડલા શહેર તેમજ વોર્ડ નંબર ત્રણને રળિયામણું બનાવવા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉ.પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, વોર્ડ નં.૩ દાસીજીવણ સોસાયટી, કૃષ્ણનગર સોસાયટી ખાતે ભૂગર્ભ ગટર કામનો શ્રીફળ વધેરી શુભારંભ કરાવામાં આવ્યો હતો. આ તકે નગરપાલિકા સદસ્ય પિયુષભાઈ મશરૂ, રસીલાબેન ચુડાસમા, હંસાબેન, કમલેશભાઈ રાનેરા, ભારતીય જનતા પાર્ટીના બુથના કાર્યકર્તા કમલેશભાઈ રાનેરા, ભુપતભાઈ, અરવિંદભાઈ, ચતુરભાઈ સાથળા, રાજુભાઈ સાથળા, ભરતભાઈ લુહાર તેમજ વિસ્તારના લોકોએ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં પ.૭૫ કરોડના ખર્ચે નવી બની રહેલ મામલતદાર કચેરીનું ખાતમુહૂર્ત

બાબરા, તા.૨૨



બાબરા ખાતે નવી મામલતદાર કચેરીના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવી કચેરી બનવાથી બાબરા પંથકના લોકોને આધુનિક સુવિધાઓ સાથેની સરકારી સેવાઓ મળશે. આ નવા બિલ્ડિંગનું નિર્માણ અંદાજિત ૫ કરોડ ૭૫ લાખ રુપિયાના ખર્ચે કરવામાં આવશે. આ પ્રોજેક્ટના શુભારંભ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો, નગરપાલિકાના પ્રમુખ અને સભ્યો, જિલ્લા ભાજપ મહામંત્રી, તાલુકા ભાજપ પ્રમુખ અને મહામંત્રી, પૂર્વ પ્રમુખો, ભાજપ યુવા મોરચાના હોદેદારો, કાર્યકર્તાઓ અને બાબરાના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ નવી મામલતદાર કચેરી બનવાથી બાબરા પંથકના લોકોને સરળતાથી અને ઝડપથી સરકારી કામકાજ થઈ શકશે. આ સાથે જ તેમણે આ પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી.

# હાથસણી ગામના યુવકને ઝેરી દવા વાળા હાથે માવો ખાવાનું મોંઘું પડ્યું

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના હાથસણી ગામે રહેતા એક યુવકને ઝેરી દવા વાળા હાથે માવો ખાવા જતાં જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.

બનાવ સંદર્ભે રૂપાબેન લાલજીભાઈ માંજુસા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, દેવરાજભાઈ લાલજીભાઈ માંજુસા (ઉ.વ.૩૧)એ ઝેરી દવા વાળા હાથો માવો ખાતા ઝેરી દવાની અસરથી તેનું મૃત્યુ થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ એ બગડા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના અભરામપરામાં રહેતા સંજયભાઈ વીરજીભાઈ પરમાર (ઉ.વ.૫૦)નું હાર્ટ એટેક અથવા વીજશોક લાગવાથી મોત થયાનું પોલીસ ચોપડે જાહેર થયું હતું.

# કપાસમાં છાંટવાની ઝેરી દવા પીવાથી સારવારમાં મોત બાદ વતનમાં જઈ અંતિમવિધિ કરી નાંખી

**પોસ્ટ મોર્ટમ ન કરાવનારા મધ્યપ્રદેશના પરિવાર સામે કાર્યવાહી**

લીલીયા, તા.૨૨

અમરેલી જિલ્લામાં અનેક પરપ્રાંતિયો આવીને વસ્યા છે. પરંતુ ક્યારેક તેઓ અવિચાર્યું પગલું ભરી બેસતા હોય છે. મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના ગંધવાણી તાલુકાના અમરકુરવા ઉપરા ફળીયુંના રહેવાસી ઝેહરસિંહ અંબારામ ગીરવાલ (ઉ.વ.૨૫)એ બે મહિના પહેલા અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જે બાદ તેના પરિવારજનો કરનસિંગ અંબારામ ગીરવાલ રહે.અમરકુવા ઉપરા ફળીયુ તા.ગંધવાણી જી.ધાર , ચેતનભાઈ ચોટીયાભાઈ ગીરવાલ કામ હાલ રહે. ગોઢાવદર, દિવાનભાઈ ડુબલીયાભાઈ ડાવર હાલ રહે.સલડી તથા ગુલાબભાઈ મુનભાઈ દેવધા હાલ રહે મોટા લીલીયા તેમને અમરેલી ખાતેથી મધ્યપ્રદેશ ખાતે તેના વતનમાં સારવારમાં લઈ ગયા હતા. તા.૨૩/૧૧/૨૦૨૪ ઝેહરસિંહ અંબારામ ગીરવાલનું મરણ થતાં લાશનું પી.એમ. કરાવવા બંધાયેલ હોવા છતાં પી.એમ. નહી કરાવી લાશની અંતિમવિધિ કરી નાંખી હતી. તેમજ મરણ અંગે રાજય સેવક સમક્ષ માહિતી જાહેર કરી નહોતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી આર મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# કલા મહાકુંભમાં ટી. જે. બી. એસ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની પ્રથમ સ્થાને

રાજુલા, તા.૨૨


તસવીર : ગોપાલ રાઠોડ

જિલ્લા કક્ષાએ યોજાયેલા કલા મહાકુંભ અંતર્ગત શ્રીમતી ટી . જે . બી. એસ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની મેઘનાથી દિશાએ ભરતનાટ્યમ નૃત્યમાં સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપલબ્ધી બદલ શાળાનાં આચાર્યા સીમાબહેન પંડયા/જોષી તથા શાળા પરિવાર અને તેમના પરિવાર દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# વિરડી ગામના પુલ પાસે ઉછીના પૈસા માંગતા ન આપતા છરીથી હુમલો કર્યો

**આરોપીએ છરી મારીને જાનથી મારવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના વિરડી ગામના પુલ પાસે ઉછીના પૈસા માંગતા આપવાની ના પાડી હતી. જેથી તેના પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે શેલણા ગામના અરવિંદભાઈ રામજીભાઈ ડાભી (ઉ.વ.૩૭) એ લીલીયાના આંબા ગામના નિલેશ ઉર્ફે નીલો ભુપતભાઈ કોળી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે. નિલેશભાઈને પોતાના ઘરે આવવાની ના પાડેલ હતી. જેનું મનદુઃખ રાખી તેઓ પોતાના ઘરેથી પોતાના સસરાએ ઠવી ગામમાં ભાગવી રાખેલ વાડીએ જતા હતા ત્યારે વિરડી ગામના પુલ પહોંચતા આરોપીએ તેની પાસે હાથ ઉછીના પૈસા માંગ્યા હતા. જેથી તેણે પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાઈને ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેણે ગાળો આપવાની ના પાડતા તેની પાસે રહેલ છરી કાઢી મારી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ આર મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ઉંટીયા ગામે સામ સામી જાનથી મારવાની ફરિયાદ નોંધાઈ

રાજુલા, તા.૨૨

રાજુલાના ઉંટીયા ગામે બે પક્ષોમાં માથાકૂટ થઈ હતી અને બંનેએ સામ સામે જાનથી મારી નાંખવાની ફરિયાદ નોંધાવી હતી. રમેશભાઈ ભાણાભાઈ પરમાર (ઉ.વ.૩૨)એ રમેશભાઈ ઉકાભાઈ પરમાર, હેતલબેન રમેશભાઈ પરમાર, ઉકાભાઈ માયાભાઈ પરમાર તથા જયાબેન ઉકાભાઈ પરમાર સાથે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેની વિરૂધ્ધ તેમના વિસ્તારના લોકોએ ફરીયાદ કરી હોવાનું મનદુઃખ રાખી તેમના રહેણાંક મકાનમાં પ્રવેશી તેમને તથા સાહેદોને ગાળો આપી હતી. તેમજ મુંઢ માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રમેશભાઈ ઉકાભાઈ પરમાર (ઉં.વ.૨૪) એ રમેશભાઈ ભાણાભાઈ પરમાર, ધીરૂભાઈ પરમાર, ખીમાભાઈ કાનાભાઈ પરમાર તથા કેશાભાઈ ચકાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને ગઈ કાલે રાત્રે કેમ અમારી સાથે માથાકૂટ કરતો હતો તેમ કહી ગાળો આપી હતી. તેમજ લાકડીઓ વડે શરીરે મુંઢ માર માર્યો હતો અને શરીરે મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ કે પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના મોટા ભમોદ્રા ગામે વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયું



અમરેલી,તા.૨૨

સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા પે સેન્ટર શાળામાં દીપ શાળા અંતર્ગત ભરતભાઈ દેસાઈ સંચાલિત અમેરિકન ઈન્ડિયા ફાઉડેશન દ્વારા ધોરણ ૭ નાં દરેક વિદ્યાર્થીને ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતનાં ૩૬ ટેબ્લેટનું વિતરણ ફ્રીમાં કરવામાં આવ્યું તે બદલ શાળા પરિવારે દાતાનો આભાર માન્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૨૩-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૧-૨૦૨૫ ગુરૂવાર

- મેષ: આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે.
- વૃષભ: આજનો દિવસ ઉદાસ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે. જે પાછા જોડવા મુશ્કેલ બનશે.
- મિથુન: આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે.
- કર્ક: કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. ક્યાંકથી મળેલી રકમમાં વિક્ષેપ હોવાને કારણે આગળના કામ પર અસર થઈ શકે છે.
- સિંહ: આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઇમેઇલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે.
- કન્યા: આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, દિવસની શરૂઆતથી બપોર સુધી તમે તમારા કામમાં બેદરકાર રહેશો.
- તુલા: આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઇચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં.
- વૃશ્ચિક: આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહે છે. પેટમાં સમસ્યા પહોંચતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં.
- ધન: આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે.ઓફિસમાં તમારું પ્રમોશન અથવા પગાર વધારવાની વાત છે, તમારા ઉત્સાહને નિયંત્રિત કરો.
- મકર: સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે. એકબીજા સાથે તકરાર પણ થઈ શકે છે.
- કુંભ: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી જ તમે આવશ્યક કાર્યોમાં વ્યસ્ત રહેશો. ઘરમાં કોઈ બાબતે દલીલ થઈ શકે છે.
- મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો.

# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં ફર્સ્ટ એઈડ તાલીમ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૨




નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી.મોદી હાઈસ્કૂલ સાવરકુંડલામાં એક અનોખો પ્રાથમિક સારવાર તાલીમ કાર્યક્રમ યોજાયો. મૂળ સાવરકુંડલાના અને હાલ પનામા (અમેરિકા)માં વસવાટ કરતાં ત્વીશાબેન કામદાર દ્વારા વિદ્યાર્થીઓને ફર્સ્ટ એઈડની વિસ્તૃત માહિતી આપવામાં આવી. શાળાના કોન્ફરન્સ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધોરણ ૧૧ અને ૧૨ના આશરે ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝેન્ટેશન દ્વારા વિવિધ પ્રકારની ઈજાઓ જેવી કે લોહી નીકળતા ઘા, હાડકાની ઈજાઓ, અન્નનળી, શ્વાસનળી, ગરદન અને પીઠની ઈજાઓમાં કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તેની માહિતી આપવામાં આવી.કાર્યક્રમની શરૂઆતમાં શાળાના શિક્ષક જીતુભાઈ ભટ્ટે મહેમાનોનો પરિચય કરાવ્યો, જ્યારે આચાર્ય આશિષભાઈ જોશીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.

# મોટા દેવળીયા પાસે ઈકો કારની હડફેટે યુવાનને ઈજા

**ડ્રાઈવર ગંભીર ઈજા પહોંચાડી કાર મૂકી નાસી ગયો**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં અકસ્માતન વધુ બે ઘટના નોંધાઈ હતી. ધરાઈ ગામે રહેતા ઓઘડભાઈ ઉર્ફે યોગેશભાઈ મગનભાઈ તેરવાડીયા (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, મોટા દેવળીયા ગામે આરોપીએ પોતાના હવાલાવાળી ઈક્કો કાર રજી. નં.જી.જે ૦૫-સીજે-૭૦૩૫ વાળી ચલાવી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલત ભરી રીતે માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી તેમના ટુવ્હીલર સાથે ભટકાવી સામાન્ય તથા ગંભીર ઈજા પહોચાડી ઈકો કાર આગળ મૂકી નાસી ગયો હતો.

# ખાંભાના હનુમાનપુર ગામે પતિ-પત્નીને જાનથી મારવાની ધમકી આપી

**ગાળો આપવાની ના પાડતાં કુહાડી મારી**

ખાંભા, તા.૨૨

ખાંભાના હનુમાનપુર ગામે રહેતા એક આશીષભાઈ હમીરભાઈ ડાભી (ઉ.વ.૨૨)એ ગાંડાભાઈ મગનભાઈ ડાંભી તથા લાલાભાઈ મગનભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદો તેમના ઘરે હાજર હતા તે વખતે બન્ને આરોપીઓએ તેમના ઘરે આવી પૈસાની ઉઘરાણી કરી જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે આડેધડ શરીરે માર માર્યો હતો. સાહેદ અતુલભાઈ તેઓને બચાવવાં વચ્ચે પડતા તેને પણ શરીરે લાકડી વડે માર મારી તેમજ કુહાડી વડે તેમને માથાના ભાગે મારી એક ટાંકાની ઈજા કરી હતી. તેમજ સાહેદ જાહલબેનને પેટમાં પાટુ મારી પછાડી દઈ જતા જતાં બન્ને આરોપીઓએ તેમને હવે પછી કયારેય મળશો તો જાનથી મારી નાખીશું તેવી મારી નાખવાની ધમકી આપી હતી.

# જાફરાબાદના બલાણા ગામે પરીક્ષાની અરજી બાબતના મનદુ:ખમાં યુવકને માર

**આરોપીએ મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી**

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદના બલાણા ગામે પરીક્ષાની અરજીના મનદુ:ખમાં યુવકને ફટકારવામાં આવ્યો હતો. જેને લઈ મુકેશભાઈ લાખાભાઈ છેલાણા (ઉ.વ.૩૩)એ રામભાઈ રાણાભાઈ છેલાણા, ભુપતભાઈ રાણાભાઈ છેલાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના વાડામાં બેઠા હતા ત્યારે આરોપીઓ ત્યાં આવી નવોદયની પરીક્ષાની અરજી બાબતનું મનદુઃખ રાખી લોખડના પાઈપ વતી નળામાં એક ઘા માર્યો હતો. ઉપરાંત ગડદા પાટુનો મુંઢમાર માર્યો હતો તથા બંને આરોપીઓએ ગાળાગાળી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ કે સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ૪ જગ્યાએથી ૭૦ લીટરથી વધુ પીવાનો દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં પોલીસે ચાર સ્થળેથી મળી ૬૮ લીટર પીવાનો દેશી દારૂ ઝડપી પાડ્યો હતો.

ધારીમાંથી ૨ લીટર, ગોરડકા ગામેથી ૪૩ લીટર, સાવરકુંડલામાંથી ૧૮ લીટર તથા નાના રિંગળીયાળા ગામની હદમાંથી ૧૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ત્રણ ઈસમો કેફીપીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# જિલ્લામાંથી વધુ બે સગીરાને ભગાડી જવામાં આવી

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાંથી વધુ બે સગીરાને બદકામના ઈરાદે ભગાડી જવામાં આવી હતી. સુરતના વરાછામાં રહેતા અને દહીંથરા ગામના મહિલાએ ચાંપાથળના જયદીપ રમેશભાઈ સમાણવા સામે તેમની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી બદકામના ઈરાદે ભગાડી ગયાની ફરિયાદ નોંધાવી હતી. ધારગણી ગામની સીમમાં વાડીએ રહેતી એક સગીરાના પિતાએ મૂળ શીલાણા ગામના અને હાલ હાથસણી ગામના ડેમના છેડે રહેતા કુંદનભાઈ મનસુખભાઈ ડાબસરા સામે તેમની સગીર પુત્રીને ભગાડી જવાની ફરિયાદ નોંધાવી હતી.

તંત્રી લેખ

# માર્કેટિંગની બોલબાલા

માણસ પૈસા કમાવા માટે બિઝનેસ કરે છે અને બિઝનેસમાં સૌથી મહત્વનું પરિબળ જો કોઈ હોય તો તે માર્કેટિંગ છે. સામાન્ય રીતે માર્કેટિંગ શબ્દ ધંધા માટે વપરાય છે. એનો અર્થ ફક્ત વેચાણ નથી, પણ લોકમાનસ પર એ વસ્તુની મોજુદગી, ઉપયોગ વગેરે ઠરાવવાનો હેતુ છે. જ્યારે તે વ્યક્તિ, બનાવ કે વિચારધારાના સંદર્ભમાં વપરાય છે ત્યારે એનો અર્થ સંકલન, રજૂઆત અને પ્રચાર થાય છે. આ માર્કેટિંગ બળ આગળ વ્યક્તિ, બનાવ કે વિચારધારાની ગુણવત્તા પણ ક્યારેક ઓછી મહત્ત્વની બની જાય છે.

૧૮૫૭ થી માંડીને ૧૯૪૭ સુધીમાં દેશને આઝાદ કરવા માટે અગણિત લોકોએ બલિદાન આપ્યા છે. સેંકડો લોકોએ હિંસક કે અહિંસક માર્ગે આપણા દેશની આઝાદી માટે પોતાની જાતનું બલિદાન આપ્યું છે. આ શહીદોમાં પહેલું નામ લેવાય છે ભગતસિંહનું. એમના ઉપરાંત બીજાં થોડાંક નામ હજી લોકોને યાદ હશે પણ મોટા ભાગના ભૂલાઈ ગયા છે. શહીદ તો એ પણ થયા હતા અને એવીજ ભાવનાથી થયા હતા. આની પાછળ અન્ય કારણો સાથે એક કારણ એ છે કે ભગતસિંહનું જેટલું માર્કેટિંગ થયું છે એટલું બીજા કોઈનું નથી. સોમાંથી ૯૫ શહીદો ના નામ આજે ઈતિહાસના પાને નથી. કારણ કે તેની કોઈએ નોંધ લીધી નથી મતલબ કે માર્કેટિંગ થયું નથી.

સંદેશા વ્યવહારમાં આવેલી જબરદસ્ત ક્રાંતિને લીધે છાપાં, સામયિક અને ટી.વી. દ્વારા ભરપૂર માહિતી મળવા લાગી છે. એમનો મૂળ હેતુ વ્યાપારી હોવાને લીધે માહિતીની ગુણવત્તા સંશયાત્મક હોય છે. સમયના દબાણ નીચે કામ કરતા લોકોને, અપાતી માહિતીની ચોકસાઈ તપાસવાનો સમય નથી હોતો અને એની દરકાર પણ નથી હોતી. આ માધ્યમો માહિતી સાથે પોતાના મંતવ્યો પણ રજૂ કરતા હોય છે. એમના પક્ષપાતી પ્રસારણથી આપણી વિચારસરણી જાણે અજાણે એક ચોક્કસ દિશામાં ઘડાતી જાય છે. જુદા માધ્યમોનો અલગ દ્રષ્ટિકોણ જાણવાનો કે સમજવાનો સમય અને વિવેક બધા પાસે નથી હોતો. પોતાની મેળવેલી માહિતી સાચી અને અન્ય બધી ખોટી એમ ઘણા લોકો માનતા થઈ જાય છે. પરિણામે એક ચુસ્ત મતવાદી જડ સમુદાય અસ્તિત્વમાં આવે છે. દુનિયામાં વસતા ૭૦૦ કરોડથી પણ વધુ માનવ સમુદાયની ધર્મ અને ઈશ્વર વિશેની ઘણી જુદી જુદી સમજણ છે. બધાજ પોતાની સમજણને સાચી અને પોતાના ધર્મને શ્રેષ્ઠ માને છે. એની તરફેણમાં એ પોતાના ધર્મની વિશેષતાઓ ગણાવે છે.સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ખ્રિસ્તીઓ ૨૦૦ કરોડ જેટલા છે. મુસ્લિમ ૧૩૦ કરોડ, હિંદુ ૯૦ કરોડ અને બૌધ્ધ ૭૦ કરોડ જેટલા છે. એમની સરખામણીમાં જૈન, શીખ, પારસી વગેરેની સંખ્યા સાવ ઓછી એટલે સોમાં ભાગ જેટલી પણ નથી. માહિતી અને સમજણનો મુખ્ય સ્રોત છે લોકવાયકા અને સાધુવર્ગના વ્યાખ્યાનો. એમની વિચારસરણી એનાથી ઘડાય છે. સમાજ પર સાધુ સમુદાયનો ઘણો પ્રભાવ હોવાથી આ ક્ષેત્રે સૌથી વધુ યોગદાન તેઓજ કરી શકે છે. પરિવર્તનનો સંદેશ અને જરૂરિયાત એમના સુધી પહોંચાડવાની જવાબદારી સમાજના આગેવાનોની છે. નેતાઓની છે.

# અમેરિકાના રાષ્ટ્રપતિએ સત્તાના સિંહાસન પર બેસતાની સાથે જ દાદાગીરી શરૂ કરી



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સત્તા પણ એક પ્રકારનો નશો છે. આવો નશો રાજકીય નેતા જ્યારે સત્તાસ્થાને બેસે છે ત્યારે તેનામાં પ્રગટ થાય છે. અમેરિકામાં ભૂતકાળના જેટલા પ્રમુખ આવ્યા તેમાંથી અબ્રાહમ લિંકનથી માંડીને બેન્જામિન ફ્રેન્કલિન તથા અન્ય પ્રમુખો વિનમ્ર હતા. તેમાય લિંકન તો કેટલા વિનમ્ર હતા કે વાત પૂછોમાં. સામાન્ય માણસ સાથે પણ તે ખૂબ જ સહજ ભાવે વિનમ્રતાથી વાત કરતા હતા.જરાય મોટાઈનુ અભિમાન નહીં. એની સામે ડોનાલ્ડ ટ્રમ્પ જેવા ખુરશી પર બિરાજમાન થયા કે તરત જ તે વિશ્વના બીજા દેશોને ધાકધમકી આપવા લાગ્યા.!! તેઓ વિશ્વના બીજા દેશો પર પોતાનો અંકુશ રાખવા માંગે છે.

સામ્યવાદ અને સરમુખત્યારીમાં પ્રજાની સ્વતંત્ર વિચારસરણી સત્તાને પોષાય નહીં. પ્રજાને અંકુશમાં રાખવા રાજ્ય તરફથી ગણતરીપૂર્વક એમને ગરીબ અને અજ્ઞાન રાખવામાં આવે છે. દબાવીને રાખવામાં આવે છે આથી જ અમેરિકાના પ્રમુખે જાહેર કર્યું કે ગેરકાનુંની રીતે અમેરિકામાં રહેતા લોકોને લશ્કરની મદદથી તગડી મૂકવામાં આવશે. આવુ વલણ આપણે નમકહરામી બાંગ્લાદેશીઓ પ્રત્યે નથી રાખી શકતા કારણ કે આપણો દ્રષ્ટિકોણ માનવતાવાદી છે. જ્યારે અમેરિકામાં ફર્સ્ટની નીતિને કારણે જે રાષ્ટ્રને નુકસાન કરતા છે. તેને તાકાતથી હાંકી કાઢવામાં તેઓ જરાય પાછી પાની કરવાના નથી. જે આપણે નથી કરી શકવાના પરિણામે રાષ્ટ્ર વિરોધી તત્વો ફાટીને ધુમાડે જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના ઘણા દેશોને ધમકી આપી છે. વિરોધ કરનાર દેશ પર સો ટકા ટેરીફ લાદવાની જાહેરાત પણ કરી દીધી છે. હકીકતમાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને ખુલ્લેઆમ ધમકી આપી છે. સોમવારે (૨૦ જાન્યુઆરી) શપથ લીધા પછી તરત જ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે સ્પેન સહિત બ્રિક્સ દેશો પર ૧૦૦% ટેરિફ લાદી શકાય છે. ઉલ્લેખનીય છે કે હાલમાં બ્રિક્સમાં ૧૦ દેશોનો સમાવેશ થાય છે. જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. સ્પેન બ્રિક્સનો ભાગ નથી. આમ છતાં, સ્પેન ડોનાલ્ડ ટ્રમ્પના રડાર પર છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશો પર ૧૦૦ ટેરિફ લાદવાનો સંકેત આપ્યો હતો. જોકે, તેમણે આ માટે એક શરત પણ મૂકી હતી.

શપથ લીધા પછી ટ્રમ્પે ફરી એકવાર ધમકી આપી છે.કે અમારા માટે અમેરિકાનું હિત પ્રથમ છે. રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ કરતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની જૂની ધમકીનું પુનરાવર્તન કર્યું છે. તેમણે બ્રિક્સ દેશોને ધમકી આપતા કહ્યું કે જો બ્રિક્સ દેશો અમેરિકા વિરોધી નીતિઓ અપનાવશે તો તેમણે પરિણામોનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. ટ્રમ્પે ડિસેમ્બર ૨૦૨૪ માં કહ્યું હતું કે, ×જો બ્રિક્સ દેશો યુએસ ડોલરને નબળો પાડવાના પ્રયાસમાં અથવા ડોલર સામે અન્ય કોઈપણ ચલણને ટેકો આપવાના પ્રયાસમાં નવુ ચલણ બનાવશે તો યુએસ તે બધા પર ૧૦૦ ટકા ટેરિફ લાદશે અને તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવશે. તમારે તમારો સામાન વેચવાને અલવિદા કહેવું પડશે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રિક્સ યુએસ ડોલરનું સ્થાન લેશે તેવી કોઈ શક્યતા નથી. જો ટ્રમ્પની ધમકી સાચી સાબિત થાય છે તો તે બ્રિક્સ દેશો માટે એક મોટી સમસ્યા સાબિત થશે. તે જ સમયે, ભારત પણ ટ્રમ્પની આ ધમકીમાં ફસાઈ જશે. ટ્રમ્પના રાજ્યાભિષેક બાદ યુરોપની ચિંતા વધી, અમેરિકાએ ક્યુબા અને હૈતી સહિત ચાર દેશોના ઈમિગ્રેશન પર પ્રતિબંધ મૂક્યો અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના રાજ્યાભિષેક પછી યુરોપ માટે એક નવા યુગની શરૂઆત થઈ છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ કોન્ફરન્સમાં ટ્રમ્પ પ્રત્યે ઉષ્માભર્યો વલણ હોવા છતાં, તેને અનિશ્ચિતતાને ઢાંકવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપિયન દેશો પર વેપાર પ્રતિબંધો લાદી શકે છે. યુરોપ અનિશ્ચિતતા સાથે નવા પડકારોનો સામનો કરવા માટે તૈયારી કરવાનું ચાલુ રાખે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન અંગે કડક વલણ દાખવ્યું ન્યૂ યોર્ક ટાઈમ્સ, વોશિંગ્ટન ભલે લખતા હોય કે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના રાજ્યાભિષેક પછી યુરોપ માટે એક નવા યુગની શરૂઆત થઈ છે.પરંતુ આમાં ચિંતાઓ અને અનિશ્ચિતતાઓ વધતાં નવા પડકારોને દૂર કરવાની તૈયારીનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન આંતરરાષ્ટ્રીય સંબંધોમાં રહેલી ઉદાસીનતામાંથી શીખ્યા પછી, યુરોપિયન દેશો હવે ચિંતિત છે કે તેમને ફરીથી આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓઆ વખતે અલગ અલગ છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ કોન્ફરન્સમાં ટ્રમ્પ પ્રત્યે ઉષ્માભર્યો વલણ હોવા છતાં, તેને અનિશ્ચિતતાને ઢાંકવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. EU એ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નિર્ધારિત યુએસ નીતિઓ અને તેમની અસરનું મૂલ્યાંકન કરવા માટે એક ટાસ્ક ફોર્સની પણ સ્થાપના કરી. હકીકતમાં, યુરોપિયન દેશોને ડર છે કે જેમ ટ્રમ્પે તેમના પાછલા કાર્યકાળમાં અમેરિકાને ઘણા આંતરરાષ્ટ્રીય કરારોથી દૂર રાખ્યું હતું, તેમ તેઓ હવે ફરીથી તે કરી શકે છે. યુરોપનો સૌથી મોટો ભય એ છે કે ટ્રમ્પ યુક્રેન યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા બદલી શકે છે અને યુરોપિયન દેશો પર વેપાર પ્રતિબંધો લાદી શકે છે.

ટ્રમ્પ EU નેતાઓ સાથે વાત કરવા તૈયાર છે જોકે આ દેશોના નેતાઓ યુરોપિયન યુનિયનના હિતોનું રક્ષણ કરવા માટે નવા યુએસ રાષ્ટ્રપતિ સાથે ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, પરંતુ તેઓ એ પણ સારી રીતે જાણે છે કે ટ્રમ્પ સાથે ચર્ચા કરવી ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. ટ્રમ્પે ક્યુબા અને હૈતી સહિત ચાર દેશોના ઈમિગ્રેશન પર પ્રતિબંધ મૂક્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ પદ સંભાળતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન અંગે કડક વલણ દાખવ્યું. તેમણે બિડેન વહીવટીતંત્રની નીતિનો અંત લાવવાની જાહેરાત કરી, જેમાં ચાર કટોકટીગ્રસ્ત દેશોના ઈમિગ્રન્ટ્સને યુનાઈટેડ સ્ટેટ્સમાં અસ્થાયી રૂપે રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. માનવતાવાદી પેરોલ તરીકે ઓળખાતી આ નીતિ, ૨૦૨૩ ની શરૂઆતમાં બિડેન વહીવટીતંત્ર દ્વારા લાગુ કરવામાં આવી હતી. આ અંતર્ગત, ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના ઈમિગ્રન્ટ્સને યુએસમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી, જો તેમની પાસે નાણાકીય સ્પોન્સર હોય અને તેઓ સુરક્ષા તપાસમાંથી પસાર થયા હોય. આ નીતિ હેઠળ અમેરિકામાં પ્રવેશતા સ્થળાંતર કરનારાઓ બે વર્ષ સુધી રહી શકશે. ગયા વર્ષના અંત સુધીમાં, આ પહેલ દ્વારા ૫૦૦,૦૦૦ થી વધુ સ્થળાંતર કરનારાઓ અમેરિકામાં પ્રવેશ્યા હતા. ટ્રમ્પે ગૃહ સુરક્ષા વિભાગના વડાને આ નીતિનો અંત લાવવાનો આદેશ આપ્યો. સ્થળાંતર કરનારાઓને ભગાડવા માટે સૈન્યનો ઉપયોગ કરવામાં આવશે તેમ ટ્રમ્પ સનસનાટી ભર્યુ નિવેદન આપ્યું છે. બીજી તરફ, ટ્રમ્પ ઈમિગ્રેશન કાર્યવાહી માટે એટલે કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ભગાડવા માટે સેનાનો ઉપયોગ કરી શકે છે. તેમણે સોમવારે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા જેમાં સરહદ સુરક્ષાને સૈન્ય માટે પ્રાથમિકતા આપવામાં આવી. આ નિર્દેશ યુએસ સૈનિકોને ઈમિગ્રેશન અમલીકરણમાં સીધી ભૂમિકા ભજવવાની મંજૂરી આપી શકે છે. આ રાષ્ટ્રપતિ ટ્રમ્પે કોસ્ટ ગાર્ડ કમાન્ડન્ટને બરતરફ કર્યા, સેંકડો કર્મચારીઓને વ્હાઇટ હાઉસમાંથી કાઢી શકાય છે.

## શબ્દ સંજોગ-૧૯૩૭



**આડી ચાવી :**
(૧) કડીબંધ ક્રમ કે સકંલન (૩)
(૪) તેજ, જહાલ (૩)
(૭) ઈશ્વરકૃપા, સદભાગ્ય (૪)
(૯) ધરાયેલુ, તૃપ્ત (૨)
(૧૦) બહેનની દીકરી (૨)
(૧૧) નમસ્કાર (૩)
(૧૩) પ્લાસ્ટર લીસુ કરવાનું કડિયાનુ એક ઓજાર (૨)
(૧૫) પુસ્તકનું પુઠું (૩)
(૧૭) વિકરાળ, ભીષણ (૩)
(૧૯) તીખુ (૨)
(૨૧) ટંડન અટકધારી અભિનેત્રી (૩)
(૨૩) એક પક્ષી (૩)
(૨૫) ઘાસના પૂળાથી ભરેલુ ગાડું (૨)
(૨૬) તાબે, શરણે (૨)
(૨૮) વૈશાખ માસની શુકલ પક્ષની તીજ (૪)
(૩૧) સો હજાર (૨)
(૩૨) કૃષ્ણને આ સ્થળે પગમાં તીર વાગ્યુ હતુ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક ઋષિ (૨)
(૨) દયા, સમભાવ (૩)
(૩) ઓકવુ તે, ઉલટી (૩)
(૫) લીન, આસક્ત (૨)
(૬) મોત, મૃત્યુ (૩)
(૮) દમના રોગનો એક પ્રકાર (૩)
(૧૨) અકબરના રત્નની સંખ્યા (૨)
(૧૪) તદન, સાવ (૨)
(૧૬) પ્રીતિ, આનંદ (૨)
(૧૭) ...સહકાર, નહિ ઉદ્ધાર (૨)
(૧૮) સહેજ ઈશારો કે સુચના (૩)
(૨૦) લોહી (અ) (૨)
(૨૨) સોળમું નક્ષત્ર (૩)
(૨૪) પ્રેમ, પ્યાર (અ)(૨)
(૨૫) કયા રાજા...ને કયા ગાંગોતેલી (૨)
(૨૭) સળી, પીંછી (૩)
(૨૮) બે ને અડધા (૨)
(૨૯) પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
(૩૦) એક અતિસુંદર અપ્સરા (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૬ જવાબ

**આડી ચાવી:** (૧) પરાવલંબી (૪) વડ (૬) સ્વ (૭) બાતમી (૮) માણસ (૯) અંજન (૧૧) મંજીરા (૧૨) સમ (૧૩) ચણતર (૧૫) ચપળ (૧૬) એકલવ્ય (૧૭) વામન (૧૮) કલી (૧૯) કાવડ (૨૧) હરાજી (૨૩) મહારાષ્ટ્ર (૨૪) અશરફી.
**ઉભી ચાવી:** (૧) પરમાત્મા (૨) રાવણ (૩) લંચ (૪) વતન (૫) ડમી (૭) બાજરા (૯) અંજીર (૧૦) શામળ (૧૧) મંતવ્ય (૧૨) સપન (૧૩) ચકલી (૧૪) ણલ (૧૫) ચમડપોશ (૧૬) એકદમ (૧૭) વાન (૧૯) કાજી (૨૦) બરફી (૨૧) હરા (૨૨) રાષ્ટ્ર.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૬૦૬ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૨૦ |
| બાજરી | ૪૭૫ | ૫૪૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૩૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૩૪ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૭૦ |
| મગ | ૧૨૨૦ | ૧૮૬૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| વાલ પાપડી | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ચોળી | ૧૭૯૦ | ૩૧૮૦ |
| મઠ | ૮૦૦ | ૧૨૦૦ |
| કળથી | ૮૫૦ | ૯૫૦ |
| સીંગદાણા | ૧૩૩૬ | ૧૩૩૬ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૪૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૩૦ |
| અળશી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| તલી | ૧૭૨૫ | ૨૩૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૭ |
| અજમો | ૧૪૨૪ | ૨૧૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૨૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૪૫૪૫ |
| લસણ | ૧૪૨૧ | ૩૧૫૦ |
| ધાણા | ૧૨૧૦ | ૧૫૪૦ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૨૮૦ | ૧૭૬૮ |
| વરીયાળી | ૧૧૭૦ | ૧૨૯૩ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૩૦૦ |
| રાય | ૧૦૧૦ | ૧૨૨૮ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૭૦ |
| કલોંજી | ૩૫૮૯ | ૩૫૮૯ |
| રાયડો | ૯૯૦ | ૧૧૨૪ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૨૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૫૦ |
| બટેટા | ૧૭૦ | ૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૬૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૪૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૧૦ | ૨૨૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૪૫૦ | ૭૨૦ |
| દુધી | ૧૧૦ | ૨૩૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૬૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૨૦ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૩૫૦ | ૫૩૦ |
| ગલકા | ૫૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૫૦ |
| મેથી | ૧૦૦ | ૨૨૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૯૦૦ | ૧૫૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૯૦ | ૧૫૦૦ |
| શિંગ મઠડી | ૮૫૫ | ૧૧૧૧ |
| ગિરનારી શીંગ | ૧૨૩૬ | ૧૨૩૬ |
| શિંગ મોટી | ૮૭૦ | ૧૧૪૫ |
| શિંગદાણા ફાડા | ૧૦૪૦ | ૧૩૬૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૩૦ |
| તલ કાળા | ૩૪૬૦ | ૪૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૮૮ | ૬૬૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૫૮ |
| અડદ | ૧૦૮૦ | ૧૫૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૬૩૨ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૩૭૫ |
| ધાણા | ૧૨૪૫ | ૧૪૩૮ |
| સોયાબીન | ૫૨૦ | ૮૨૧ |
| મરચાલાંબા | ૬૩૦ | ૩૩૦૦ |
| તલ કાશ્મીરી | ૨૬૨૦ | ૨૭૦૬ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૨૦ |
| રીંગણાં | ૩૮૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૭૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૧૦ | ૬૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૪૦ |
| મુળા | ૧૨૦ | ૧૮૦ |
| કાકડી | ૩૪૦ | ૬૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૦૦ | ૬૫૦ |
| તુરીયા | ૫૨૦ | ૮૪૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૫૦ | ૫૫૦ |
| હળદર લીલી | ૮૫૦ | ૯૫૦ |
| આદુ | ૭૦૦ | ૭૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૪૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૨૦ | ૫૮૦ |
| બીટ | ૨૮૦ | ૫૪૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૨૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૭૫૦ |
| મરચા લાલ | ૩૪૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૧૦૪૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૪૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૪૦ |
| વાલ | ૬૦૦ | ૮૪૦ |
| પાલક | ૨૨૦ | ૩૪૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૬૯૦ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૧૮૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૬૧ | ૧૨૮૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૭૫૧ |
| તલ લાલ | ૨૧૬૧ | ૨૧૬૧ |
| જીરૂ | ૩૯૫૧ | ૪૪૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૮૧ |
| લસણ સુકું | ૧૨૫૧ | ૩૦૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૪૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૧૧ |
| મઠ | ૧૦૯૧ | ૧૧૬૧ |
| તુવેર | ૧૨૧૧ | ૧૭૩૧ |
| રાયડો | ૫૬૧ | ૫૬૧ |
| મેથી | ૧૦૧૧ | ૧૦૧૧ |
| સુવાદાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| કાંગ | ૪૯૧ | ૧૦૯૧ |
| મરચા | ૪૫૧ | ૩૪૫૧ |
| મગફળી જાડી | ૬૬૧ | ૧૨૨૬ |
| નવા ધાણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| નવી ધાણી | ૩૧૦૧ | ૩૧૦૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૦૦૦ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૩૬૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૭૪૧ |
| ડુંગળી સફેદ | ૨૫૬ | ૩૫૧ |
| બાજરો | ૫૦૧ | ૫૨૧ |
| જુવાર | ૮૦૧ | ૮૯૧ |
| મગ | ૧૧૫૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| વાલ | ૭૦૧ | ૧૩૩૧ |
| ચોળા / ચોળી | ૮૪૧ | ૨૫૧૧ |
| સોયાબીન | ૭૩૬ | ૮૨૧ |
| કળથી | ૬૫૧ | ૬૫૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૧૦૦ |
| મરચા | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૪૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧૫ | ૨૦ |
| મૂળા પુરા | ૮ | ૧૨ |
| ફોદીનો પુરા | ૬ | ૧૦ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચૂણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦ | ૩૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૨૪૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૫૦૦ | ૭૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૩૪૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૪ | ૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૬૫ |
| કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૩૯૦ |
| મગફળી જી૨૦ | ૧૦૬૮ | ૧૧૫૨ |
| મગફળી બીટી | ૧૦૧૨ | ૧૦૬૮ |
| ઘઉં | ૫૩૪ | ૬૩૬ |
| જીરૂ | ૩૭૮૦ | ૩૮૫૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૬૮ | ૭૯૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૯૯ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૨૨ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| સોયાબીન | ૬૯૨ | ૭૯૦ |
| મગફળી | ૬૦૪ | ૯૫૦ |
| જુવાર | ૭૫૪ | ૭૫૪ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ધાણા | ૧૩૯૫ | ૧૪૪૦ |
| શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૫ | ૮૦૫ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૫૦ |
| તલ કાશ્મીરા | ૧૭૨૦ | ૨૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૨૧ | ૧૪૭૫ |
| મગફળી | ૯૦૦ | ૧૦૩૦ |
| ઘઉં | ૫૭૭ | ૬૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ | ૧૭૨૫ | ૨૦૫૨ |
| મગ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૦૫૦ |
| ચોળી | ૧૭૦૧ | ૧૭૧ |
| સોયાબીન | ૭૭૬ | ૭૭૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૧ | ૧૪૮૮ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| તુવેર | ૧૨૭૬ | ૧૪૪૬ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૯૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૬ |
| શીંગફાડા | ૮૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૧૦૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૦૦ |
| તલ પીળા | ૨૫૦૦ | ૨૬૪૩ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૨૮ |
| બાજરો | ૪૭૬ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૨૮ |
| જુવાર | ૮૩૧ | ૯૨૮ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૧૨૬ | ૧૧૨૬ |
| સોયાબીન | ૭૦૬ | ૭૭૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૫ | ૧૦૮૯ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૪૯ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૨૨૭૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૪૪ |
| ઘઉ લોકવન | ૬૦૮ | ૬૮૧ |
| ઘઉં ટુકડા | ૬૫૦ | ૬૬૬ |
| ચણા | ૧૧૧૧ | ૧૨૨૦ |
| તુવેર | ૧૪૨૦ | ૧૬૩૧ |
| સોયાબીન | ૭૧૦ | ૮૨૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૯ |
| બાજરો | ૬૭૭ | --- |
| મગ | ૧૧૦૦ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૭૦ |
| કપાસ સી ગ્રેડ | ૮૬૫ | ૮૯૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૯૭૧ | ૧૧૦૬ |
| મગફળી ૩૨નં. | ૯૨૧ | ૧૦૭૨ |
| બાજરી હા. | ૫૨૫ | ૬૪૨ |
| ઘઉં | ૫૨૧ | ૬૬૭ |
| તુવેર | ૧૨૨૫ | ૧૬૫૨ |
| જુવાર | ૭૦૦ | ૯૩૪ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૨૪ |
| જા.તલ | ૨૦૦૦ | ૨૬૫૫ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૨૪૮ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૨ |
| કપાસ | ૧૨૭૦ | ૧૪૮૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૦૦ | ૧૨૨૨ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૯૦ |
| શીંગ ૩૯ | ૯૨૨ | ૧૧૪૦ |
| શીંગ જી ૨૦ | ૧૦૧૫ | ૧૧૨૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૪૪૪ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૭૨૩ |
| અડદ | ૧૦૩૦ | ૧૪૯૭ |
| મગ દેશી | ૧૩૦૦ | ૧૮૪૨ |
| સોયાબીન | ૭૨૪ | ૮૧૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૭૦ |
| તલકાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૩૬ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ડુંગળીલાલ | ૧૭૫ | ૫૦૮ |
| ડુંગળી સફેદ | ૨૮૯ | ૪૨૭ |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૪૪૫ |
| નાળીયેર | ૨૯૨ | ૨૦૩૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| જુવાર | ૮૦૦ | ૮૧૫ |
| બાજરો | ૪૬૦ | ૫૬૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૩૫ |
| મઠ | ૮૦૦ | ૯૯૯ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૧૪૫ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૨૮ |
| લસણ | ૧૫૦૦ | ૨૯૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૩૫૦ |
| અજમો | ૨૩૧૫ | ૫૦૨૫ |
| ધાણા | ૯૦૦ | ૧૩૭૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૦૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૧૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગણતંત્ર દિન ઉજવણીમાં ગુજરાતનું પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય' ત્રીજા ક્રમે વિજેતા

**૨૧ જાન્યુઆરીએ દિલ્હીમાં સ્પર્ધા યોજાઇ હતી**

અમરેલી,તા.૨૨

૨૬ જાન્યુઆરીએ ૭૬મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થશે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા



૨૧ જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી. સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પારંપારિક નૃત્યો રજૂ થયા હતા. સ્પર્ધામાં ચાર ઇનામોની જાહેરાત કરાઈ હતી અને તેમાં ગુજરાતના પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય'ને ત્રીજો ક્રમ મળ્યો હતો. રાજ્ય સરકાર વતી સાંસ્કૃતિક ગ્રુપના કલાકારોએ ટ્રોફી સ્વીકારી હતી. આ સ્પર્ધામાં ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું, જ્યારે પ્રોત્સાહક ઇનામ પશ્ચિમ બંગાળને મળ્યું હતું.

# રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ અન્વયે અમરેલી બસ સ્ટેશન ખાતે બેઠક યોજાઇ

અમરેલી તા.૨૨

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ અન્વયે અમરેલી બસ પોર્ટ ખાતે બેઠક યોજાઈ હતી.બેઠકમાં માર્ગ સલામતી, રસ્તાની જેમ બને તેમ ડાબી બાજુ સફેદ પટ્ટાની અંદર વાહન પાર્ક કરવું, પાર્કિંગ લાઈટનો ઉપયોગ કરવો, ગાડી બંધ પડ્યેથી ૫૦ મીટર પહેલા અને પછી હેઝાર્ડસ ટ્રાફિક વૉર્નિંગ ટ્રાયેંગલનો ઉપયોગ કરવો,




ગાડીની પાછળ લાલ અને પીળા રંગના ઝીબ્રા પટ્ટા રેડિયમ, રિફ્લેક્ટર લગાવવા, સાઈડ ઈન્ડિકેટરના ઉપયોગ બાદ લેન બદલવી સહિત વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. આગ લાગે ત્યારે તે આગ બુઝાવવા માટે શું કરી શકાય તે અંગે અમરેલી ફાયર વિભાગ દ્વારા પ્રાથમિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં, GSRTC ડિવિઝનલ કંટ્રોલર સોલંકી, અમરેલી સીટી પી. આઈ. વાઘેલા, અમરેલી આર. ટી.ઓ ઈન્સ્પેક્ટર શાહ, જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. ગોહીલ, મેડિકલ ઓફિસર અન્સારી, ફાયર વિભાગ સહિતના અધિકારીઓ-કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો સમિતિએ મેટ્રો રેલ પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું

ગાંધીનગર,તા.૨૨

ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો સમિતિના સભ્ય અને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ગાંધીનગર ખાતે અભ્યાસ પ્રવાસના ભાગરૂપે મેટ્રો રેલ પ્રોજેક્ટના સ્થળની મુલાકાત લીધી. આ નિરીક્ષણ દરમિયાન સમિતિના અન્ય સભ્યો પણ જોડાયા હતા. નિરીક્ષણમાં ધારાસભ્ય ગણપતસિંહ



વસાવા, પૂર્ણેશભાઈ મોદી, માલતીબેન મહેશ્વરી, બાબુભાઈ પટેલ, કેતનભાઈ ઈમાનદાર, જીતુભાઈ ચૌધરી અને ઈમરાનભાઈ ખેડાવાલા ઉપસ્થિત રહ્યા હતા. મેટ્રો રેલ પ્રોજેક્ટના ઉચ્ચ અધિકારીઓએ પણ સમિતિના સભ્યોને પ્રોજેક્ટની જાણકારી અને માહિતી આપી હતી.

# ખેલ મહાકુંભમાં કોડીનાર તાલુકા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું




તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૨૨

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત જિલ્લા કક્ષા ની ૪૦ વર્ષ ઉપર ભાઈઓની તરણ સ્પર્ધામાં કોડીનાર નગર પાલિકા સંચાલિત મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલ કોડીનાર ના વ્યાયામ શિક્ષક અને કલા - મહાકુંભ તાલુકા કન્વીનર રણજીતસિંહ રાઠોડ ૧૦૦ મીટર તરણ સ્પર્ધામાં પ્રથમ અને ૫૦ મીટરમાં દ્વીતીય સ્થાન મેળવી કોડીનાર તાલુકા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું.

# લાઠીના કેરાળા અને ટોડામાં કુલ ૫૫ લાખના વિકાસના કામોનું સાંસદ અને ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

લાઠી, તા.૨૨

લાઠીના કેરાળા ગામે અંદાજિત ૪૦ લાખના ખર્ચે અને ટોડા ગામે અંદાજીત ૧૫ લાખના ખર્ચે કુલ રૂ. ૫૫ લાખના વિવિધ વિકાસના કામોનું સાંસદ ભરતભાઈ સુતરીયા તેમ જ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ બંને ગામોમાં સ્મશાનમાં શેડ, ભૂગર્ભ ગટર, સબમર્સીબલ પંપ સેટ, સી.સી.રોડ, કમ્પાઉન્ડ વોલ અને બ્લોક પેવિંગ રોડ જેવા અન્ય વિકાસ



કાર્યો કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર, બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, તાલુકા પંચાયતના પ્રમુખ મધુભાઈ નવાપરા, ઉપપ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, કારોબારી ચેરમેન હિંમતભાઈ એવીયા, કેરાળાના સરપંચ દકુભાઈ પડસાળા, ટોડાના સરપંચ ઉમેશભાઈ, નવીનભાઈ લાડોલા અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારમાં ઘરફોડ ચોરીના ગુનામાં નવ વર્ષથી નાસતા ફરતો આરોપી ઝડપાયો

કોડીનાર, તા.૨૨

કોડીનાર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા-૦૯ વર્ષથી નાસતા ફરતા સાવરકુંડલાના દોલતી ગામના અને હાલ સુરત રહેતા આરોપીને કોડીનાર સર્વેલન્સ સ્કોડે ઝડપી પાડ્યો હતો. પ્રવિણભાઈ રસુલભાઈ ચારોલીયા (ઉ.વ.૩૪ ધંધો મજુરી રહે, મુળ દોલતી ગામે મફતપરા વિસ્તાર તા.સાવરકુંડલા જી.અમરેલી હાલ રહે, સુરત કતાર ગામ)ને બાતમીના આધારે પોલીસે



ઝડપી લીધો હતો. કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ.પ્રદિપસિંહ હરિસિંહ રાયજાદા તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# જેતપુરમાં લોહાણા મહાજનવાડી ખાતે સમૂહ યજ્ઞોપવીત અને જ્ઞાતિ ભોજન કાર્યક્રમ યોજાયો

**વિરદાદા જસરાજ સેવા સમિતિના આયોજનમાં રઘુવંશી સમાજના આગેવાનોની ઉપસ્થિતિ**

સાવરકુંડલા, તા.૨૨

શ્રી વિરદાદા જસરાજ સેવા સમિતિ જેતપુર દ્વારા લોહાણા મહાજનવાડી ખાતે સમૂહ યજ્ઞોપવીત સંસ્કાર અને જ્ઞાતિ ભોજન પ્રસાદનો કાર્યક્રમ



યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજકોટ જિલ્લા ભાજપ મહિલા પ્રમુખ સોનલબેન વસાણી, અમરેલી જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ મહેશભાઈ મશરૂ અને પ્રકાશભાઈ કારિયા સહિત રઘુવંશી સમાજના વરિષ્ઠ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના ભાઈઓ-બહેનો અને યુવાનોએ હાજરી આપી હતી. સમાજના અગ્રણીઓએ આ સામાજિક કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. અન્ય શહેરો માટે પણ આ કાર્યક્રમ પ્રેરણારૂપ બની રહ્યો હતો.

# અમરેલી પોલીસની સર્વેલન્સ ટીમને મોબાઈલ ચોરને પકડવામાં સફળતા મળી

અમરેલી, તા.૨૨

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના E-FIR મોબાઈલ ચોરીના છેલ્લા એક વર્ષથી અનડિટેક્ટ ગુન્હાને ડિટેક્ટ કરી ચોરીના મોબાઈલ સાથે એક ઈસમને પકડવામાં સર્વેલન્સ ટીમને સફળતા મળી છે. ઈન્ચાર્જ ઈન્સપેક્ટર ડી. કે. વાઘેલાની રાહબરીમાં તા.૨૬/૧૨/૨૦૨૩ની E-FIR ફરીયાદને આધારે પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા CEIR પોર્ટલ તથા ટેક્નિકલ સોર્સની મદદથી આરોપી હિતેષભાઈ કાળુભાઈ સોલંકી (ઉ.વ.૩૨ ધંધો.મજુરી રહે.



ગામ-વરૂડી તા.જી.અમરેલી)ને ચોરી કરેલ રૂ. ૧૮ હજારની કિંમતના OPPO કંપનીના A૯૬ CPH૨૩૩૩ મોબાઈલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

# અમરેલી-અંબાજી બસ કોડીનારથી ચલાવવા માગણી

**છેલ્લા ૨૨ વર્ષથી કોડીનારને એસટીનો એકપણ નવો રૂટ મળ્યો નથી**

અમરેલી,તા.૨૨

અમરેલી એસટી વિભાગ દ્વારા ૨૩ જાન્યુઆરીથી અમરેલી-અંબાજી નવી સ્લીપર કોચ બસ શરૂ કરાશે. આ બસ સેવાને કોડીનાર લંબાવી કોડીનાર અંબાજી તરીકે ચલાવવા માટે અજીતભાઈ ચાવડાએ વિભાગીય નિયામક અમરેલીને ટેલીફોનીક તથા લેખિત રજૂઆત કરી છે. અમરેલી એસટી વિભાગમાં સૌથી ઓછા બસ રૂટ કોડીનાર ડેપોના ફાળવેલ છે. છેલ્લા ૨૨ વર્ષથી કોડીનારને એસટીનો એકપણ નવો રૂટ આપવામાં આવેલ નથી. અમરેલી વિભાગ દર વર્ષે નવા બસ રૂટ શરૂ કરે છે પરંતુ કોડીનારને ધ્યાનમાં લેવામાં આવતું નથી. કોડીનાર ડેપો અમરેલી એસટી વિભાગ હેઠળ આવતો હોય અંબાજીના નવા બસ રૂટનું સંચાલન કોડીનાર ડેપોને સોપીને તેને કોડીનારથી સાંજના સાત વાગ્યા પછી ઊપાડવામા આવે તો કોડીનાર, ઊના અને ખાંભા તાલુકાની જનતાને પણ ફાયદો થશે તેવું જણાવેલ છે.

# ધોરાજીમાં જુગાર રમતી આઠ મહિલાઓ પકડાઈ

ધોરાજી, તા.૨૨

ધોરાજી સીટી પોલીસ મથકનાં પીએસઆઈ પી.કે.ગોહીલ તથા સર્વેલન્સ ટીમે શહેરની નાભીરાજ સોસાયટીમાં રહેતી રીઝવાનાબેન પોતાના મકાનમાં બહારથી માણસોને ભેગા કરી જુગાર રમાડતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને આઠ મહીલાઓને પકડી હતી. આ સાથે રૂ.૧૫૧૨૦નો મુદ્દામાલ સાથે ઝડપીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે પકડાયેલ આરોપી (૧) રીઝવાનાબેન રજાકભાઈ ઉ.૩૭, (૨) જીલુબેન આરબભાઈઉ..૫૨, (૩) યાસમીનબેન ઉર્ફે આસુ પઠાણઉ.૩૫,(૪) સલમાબેનઈસ્માઈલભાઈ ઉ. ૩૭, (૫) ફાતમાબેન મુસાભાઈ ઉ ૫૦, (૬) સલમાબેન જાકીદભાઈ ઉ ૩૦,(૭) સબીનાબેન કાળાભાઈ ઉ ૪૦, (૮) અમીનાબેન કાળાભાઈ ઉ. ૪૫, વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# કોડીનારમાં માતાપિતા વિહોણી દીકરીઓના સમૂહલગ્નનું આયોજન

કોડીનાર, તા.૨૨

કોડીનારમાં માતા પિતા વિહોણી દીકરીઓના વિના મૂલ્ય સમૂહ લગ્ન ઉજવાયો હતો. સમસ્ત કોળી સમાજ હરિૐ સેવા ટ્રસ્ટ ધર્મરાજ ફાઉન્ડેશન દ્વારા માતા પિતા અથવા ગરીબ દીકરીઓના લગ્નમાં કોળી સમાજના સમસ્ત આગેવાનો તેમજ દરેક સમાજના આગેવાનોએ હાજરી આપી હતી જેમાં દરેક દીકરીઓને સોનાના



દાણા ચાંદીની વીંટી સેટી પલંગ થ્રી ડોર કબાટ તેમજ ત્રાંબા પિત્તળ ના ૩૦ વધુ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી. જેમાં દસ હજારથી વધુ લોકોએ એકસાથે ભોજન લીધું હતું.

# કોડીનાર પોલીસે સોના ચાંદીના દાગીના ભરેલું પાકીટ શોધીને પરત કર્યુ

કોડીનાર, તા.૨૨

કોડીનાર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન રેહાનભાઈ મહમદભાઈ જુણેજા ઉવ.૩૦ રહે,કોડીનાર જીન પ્લોટ વાળાએ રજુઆત કરેલ કે,પોતાના ઘરેથી બસ સ્ટેશન જવા નિકળેલ તે દરમ્યાન પોતાનું સોના ચાંદીના દાગીના ભરેલ બે પાકીટ રસ્તામાં ક્યાંક પડી ગયા હતા. તેમણે પોલીસ મદદ માંગતા તાત્કાલીક અસરથી ટીમ વર્ક કરી તેમનું ખોવાઈ ગયેલ



કે, પડી ગયેલ કે,ગુમ થયેલ બે પાકીટ જેમાં સોનાના એરીંગ ૧૦ ગ્રામના નંગ-૦૨,તથા સોનાની વીંટી ૦૩ ગ્રામની નંગ-૦૧ તથા ચાંદીના સડા નંગ-૦૨ તથા ચાંદીની વીંટી નંગ-૦૧ આશરે કિ.રૂ.૧,૦૦,૦૦૦ શોધી કાઢી બન્ને પાકીટ જે તે સ્થિતિમાં મૂળ માલિકને પરત સોંપી પ્રશંસનીય કામગીરી કરી હતી.


## CHANGE OF NAME

I Undersign LAXMIDHAR RASHIDA SAIFUDDIN have changed my name from HATHIYARI RASIDABEN MOIZBHAI To LAXMIDHAR RASHIDA SAIFUDDIN (New) Now i will be known as LAXMIDHAR RASHIDA SAIFUDDIN (new)

Sign : LAXMIDHAR RASHIDA SAIFUDDIN

Address: SADAR 304,RAJ ENCLAVE,BABUBHAI SHAH ROAD,AT-RAJKOT-360 001


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૧/૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

વિવાદી:- શ્રી બલર દેવશીભાઈ પરશોતમભાઈ
રહે.દામનગર, તા.લાઠી જિ.અમરેલી મો.૯૪૨૭૪૨૭૦૯૭
C/O ઈ.કે.મહેતા, ઠે.નગરપાલિકા સામે, લાઠી મો.૯૪૨૭૨૦૬૩૨૦
અરજદારના એડવોકેટ , ઈતેશભાઈ કે મહેતા

**-::વિરૂધ્ધ ::-**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**

**(જન્મના દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. ભિંગરાડ ગામે આ કામના અરજદારશ્રીની પુત્રી કાજલબેન દેવશીભાઈ બલરનો જન્મ તા.૦૧/૦૭/૧૯૮૩ના રોજ ભીંગરાડ તા.લાઠી, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૧/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## -//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

મરણ અરજી રજી.નં.૧૬/૨૦૨૪

**અરજદાર**......(૧) શ્રી હંસરાજભાઈ ભુરાભાઈ ગોગદાણી
રે.એકલેરા ,તા.લીલીયા, જિ.અમરેલી મો.૯૭૨૬૫ ૧૭૫૨૧
(૨) અરજદારના વકીલશ્રી ઈતેશકુમાર કે.મહેતા
ઠે.નગર પાલીકા સામે,દામનગર,તા.લાઠી જી.અમરેલી મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા**......તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,એકલેરા,
તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,શ્રી હંસરાજભાઈ ભુરાભાઈ ગોગદાણી રે.એકલેરા તા.લીલીયા જિ.અમરેલીના માતા ગંગાબેન ભુરાભાઈ ગોગદાણીનું અવસાન એકલેરા મુકામે તા.૧૫/૦૬/૧૯૯૩ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રીના માતા સ્વ.ગંગાબેન ભુરાભાઈ ગોગદાણીના મરણ નોંધ સને-૧૯૯૩માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮ /૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# સીએમ યોગી આદિત્યનાથે મંત્રીમંડળ સાથે મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી

લખનૌ,તા.૨૨



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ભવ્ય મહાકુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે. છેલ્લા એક અઠવાડિયામાં, ૯.૨૫ કરોડ ભક્તોએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાનનો આનંદ માણ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમના કેબિનેટ મંત્રીઓ સાથે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે એક ખાસ હોડીમાં સવાર થયા. મહાકુંભમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં યુપી સરકારની કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ સીએમ યોગીએ યુપીના વિકાસ માટે ઘણી મોટી જાહેરાતો કરી છે. જેમાં પ્રયાગરાજ, વારાણસી, આગ્રા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે બોન્ડ જારી કરવામાં આવશે,યુવાનોને સ્માર્ટફોન અને ટેબ્લેટ આપવામાં આવશે,બુંદેલખંડ એક્સપ્રેસ વે ગંગા એક્સપ્રેસ વે સાથે જોડાશે,ચિત્રકૂટને ગંગા એક્સપ્રેસવે સાથે પણ જોડવામાં આવશે,નવી એરોસ્પેસ સંરક્ષણ નીતિ બનાવવામાં આવશે,મહાકુંભને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજનો વિકાસ, યમુના નદી પર બીજો સિગ્નેચર બ્રિજ બનાવવામાં આવશે

# ગોવાના રસ્તાઓ પરથી સાત દિવસમાં ગેરકાયદેસર દબાણ હટાવવા ગડકરીએ આપ્યું અલ્ટીમેટમ

(એચ.એસ.એલ),પણજી,તા.૨૨



રાષ્ટ્રીય ધોરીમાર્ગોના ક્ષેત્રમાં ગોવાના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરતા, કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે વાસ્કોમાં રૂ. ૪,૨૦૦ કરોડના છ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે ગડકરીએ કહ્યું કે દક્ષિણ ગોવાને વધુ સારી કનેક્ટિવિટી અને આધુનિક સુવિધાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. જોકે, તેઓ ગોવામાં રસ્તાઓ પરના અતિક્રમણથી ખૂબ જ નારાજ જણાતા હતા અને ગોવાના રસ્તાઓને ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું. ગડકરીએ કહ્યું કે જો અતિક્રમણ દૂર કરવામાં નહીં આવે તો તેઓ પોતે બુલડોઝરનો ઉપયોગ કરીને અતિક્રમણ દૂર કરવાની વ્યવસ્થા કરશે. અતિક્રમણ પર કડક વલણ અપનાવતા ગડકરીએ કહ્યું, 'હું મુખ્યમંત્રી અને મુખ્ય સચિવને વિનંતી કરું છું કે જ્યારે પણ તેઓ નિરીક્ષણ કરે ત્યારે મને શંકા થાય કે સરકારી અધિકારીઓએ આ રસ્તા પર અતિક્રમણ કર્યું છે.' તેની પહોળાઈ સમાન નથી. આ રસ્તાની માપણી કરાવો અને તમારા રેકોર્ડ મુજબ જ્યાં પણ અતિક્રમણ હોય ત્યાં નોટિસ આપો. જો તેઓ સમયસર તેને તોડી નહીં પાડે, તો હું બુલડોઝરનો ઉપયોગ કરીને તેને તોડી પાડવાની વ્યવસ્થા કરીશ.

# ટ્રમ્પની ધમકી સામે કેનેડાએ પણ પરિણામ ભોગવવા અમેરીકાને આપી ચિમકી

(એચ.એસ.એલ),ટોરેન્ટો,તા.૨૨

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ અમેરિકાનાં અન્ય દેશો સાથે સબંધ કેવા રહેશે? તે મોટો પ્રશ્ન છે. પાડોશી રાજ્ય કેનેડાને અમેરિકાનો ભાગ બનાવવા અંગે ટ્રમ્પનાં નિવેદન બાદ ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકા તરફથી ટૈરિફ લગાવવાની ધમકી પર પીએમ ટુડોએ કહ્યું છે કે કેનેડા આર્થિક નુકસાન ઉઠાવા તૈયાર છે. ટ્રમ્પનાં શપથ ગ્રહણ સમારોહ પહેલા ૬ જાન્યુઆરીએ પીએમ પદ પરથી રાજીનામું આપી ચૂકેલા ટુડોએ વાયદો કર્યો છે કે તેમનો દેશ ખૂબ જ મજબૂતાઈથી અમેરિકાને જવાબ આપશે. ક્યુબેકનાં મોર્ટેબેલોમાં એક વિશેષ કેબિનેટ બેઠક દરમ્યાન ટુડોએ કહ્યું કે તે ટ્રમ્પનાં આ નિર્ણયથી નિશ્ચિત છે. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ સાથે કામ કરતી વખતે તેમને ઘણી અનિશ્ચિતતાની આશાઓ હતી. ટુડોએ વધુમાં કહ્યું કે ટ્રમ્પ એક સારા વાટાઘાટકાર છે અને તે તેમની વાટાઘાટોનાં ભાગીદારોને સંતુલનથી દૂર રાખવા ગમે તે કરશે.

# આસામ રાઈફલ્સે ત્રિપુરામાં ૧૨ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું: બે આરોપીઓની ધરપકડ

અગરતલા,તા.૨૨



આસામ રાઈફલ્સે ત્રિપુરાના પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાંથી ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. X પર આસામ રાઈફલ્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં ૧૨ કરોડ રૂપિયાની કિંમતની યાબા ગોળીઓ સાથે બે ડ્રગ તસ્કરોની ધરપકડ કરવામાં આવી છે. આસામ રાઈફલ્સના જવાનોએ સાલબાગન વિસ્તારમાંથી બંને વ્યક્તિઓની ધરપકડ કરી. એક સત્તાવાર પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે, સોમવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૬૦,૦૦૦ યાબા ગોળીઓ મળી આવી હતી, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૧૨ કરોડ રૂપિયા છે. રિલીઝ અનુસાર, જપ્ત કરાયેલ પ્રતિબંધિત માલ અને ધરપકડ કરાયેલા વ્યક્તિઓને વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી માટે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સને સોંપવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે યાબા ગોળીનો ઉપયોગ માદક દ્રવ્ય તરીકે થાય છે, જેમાં મેથામ્ફેટામાઈન અને કેફીન હોય છે. આને 'ક્રેઝી ડ્રગ્સ' પણ કહેવામાં આવે છે.

# ભારતનાં પડોશી દેશોને સાથે લેવા ચીન દ્વારા લોભામણી લોન નીતિ

(એચ.એસ.એલ),બીજીંગ,તા.૨૨

જાપાન, વિશ્વ બેંક અને એશિયન વિકાસ બેંક પછી ચીન બાંગ્લાદેશનો ચોથો સૌથી મોટો ધિરાણકર્તા છે, જેણે ૧૯૭૫ થી બાંગ્લાદેશને કુલ $૭.૫ બિલિયનની લોન આપી છે. બાંગ્લાદેશના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈન ચીનની મુલાકાતે છે અને આ મુલાકાત દરમિયાન એક મહત્વપૂર્ણ મુદ્દો ચીન પાસેથી લેવામાં આવેલી લોન ચુકવણીની સમયમર્યાદા લંબાવવાનો છે. ધ ડેઈલી સ્ટારના સમાચાર મુજબ, ચીન પણ આ માટે સંમત થયું છે.

છેલ્લા એક વર્ષમાં ભારતના પડોશી દેશોમાં ઘણા ફેરફારો થયા છે. માલદીવ, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવા દેશોમાં રાજકીય ઉથલપાથલ જોવા મળી છે અને ચીન સતત તેનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોતાની લોન નીતિને કારણે, ચીને ઘણા દેશોમાં પોતાની પકડ મજબૂત કરી છે. પાકિસ્તાનને પોતાની પકડમાં લીધા બાદ, ચીન હવે બાંગ્લાદેશ પર નજર રાખી રહ્યું છે.

# શપથ ગ્રહણ બાદ અમેરીકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે કોસ્ટગાર્ડ કમાન્ડન્ટની હકાલપટ્ટી કરી

વોશિગ્ટન,તા.૨૨



ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ કોસ્ટ ગાર્ડના કમાન્ડન્ટ એડમિરલ લિન્ડા લી ફેગનને હટાવી દીધા છે. ફાગન સશસ્ત્ર દળોની કોઈપણ શાખાની પ્રથમ મહિલા અધિકારી હતી. માહિતી મુજબ કાર્યકારી હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી બેન્જામિન હફમેને ફાગનને બરતરફ કર્યો છે. બરતરફીનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. વ્હાઈટ હાઉસ અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી અને કોસ્ટ ગાર્ડે હજુ સુધી આ અંગે સત્તાવાર નિવેદન આપ્યું નથી. કોસ્ટ ગાર્ડ એ સશસ્ત્ર સેવા છે જે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી હેઠળ આવે છે. ટ્રમ્પ સલાહકાર એલોન મસ્ક, જેઓ સરકારની કાર્યક્ષમતા વિભાગ માટે જવાબદાર છે, તેમણે કાર્યક્ષમતા વધારવાના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો, પરંતુ ફાગનના ફાયરિંગનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હતો. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેને ૨૦૨૧ માં કોસ્ટ ગાર્ડનું નેતૃત્વ કરવા માટે ફાગનને નામાંકિત કર્યા. દરમિયાન, એવી ચર્ચા છે કે વ્હાઈટ હાઉસના સેંકડો કર્મચારીઓને બહારનો રસ્તો બતાવવામાં આવી શકે છે જેમને ટ્રમ્પ વહીવટીતંત્ર "મેક અમેરિકા ગ્રેટ અગેઈન" અભિયાન માટે યોગ્ય નથી માનતું. પેરિસ ક્લાઈમેટ એકોર્ડ માંથી ખસી જવાના અમેરિકાના નિર્ણયથી પર્યાવરણીય વિનાશ થઈ શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે તેની અસર સૌથી વધુ વિકાસશીલ દેશોમાં જોવા મળશે.

# મણિપુરમાં નીતિશના જેડીયુએ ભાજપને મોટો ઝટકો આપ્યો, સરકારમાંથી ટેકો પાછો ખેંચ્યો

(એચ.એસ.એલ),પટણા,તા.૨૨



નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના જનતા દળ (યુનાઈટેડ) એ મણિપુરમાં એન બિરેન સિંહના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લીધો છે. જોકે આ ઘટનાક્રમ સરકારની સ્થિરતાને અસર કરશે નહીં, તે એક મજબૂત સંદેશ છે કારણ કે જદયુ કેન્દ્ર અને બિહારમાં ભાજપનો મુખ્ય સાથી પક્ષ છે અને આ વર્ષે બિહારમાં ચૂંટણીઓ યોજાવાની છે. મેઘાલયમાં સત્તામાં રહેલી કોનરાડ સંગમાની આગેવાની હેઠળની નેશનલ પીપલ્સ પાર્ટીએ બિરેન સિંહ સરકારને ટેકો પાછો ખેંચી લીધાના થોડા મહિના પછી જ આ વિકાસ થયો છે. આને જદયુ અને ભાજપ વચ્ચેના સંબંધોના સંદર્ભમાં પણ જોવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે મણિપુરમાં ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં, જદયુએ છ બેઠકો જીતી હતી, પરંતુ ચૂંટણીના થોડા મહિના પછી, પાર્ટીના પાંચ ધારાસભ્યો ભાજપમાં ગયા હતા, જેનાથી શાસક પક્ષની સંખ્યા મજબૂત થઈ હતી. હાલમાં, ૬૦ સભ્યોની વિધાનસભામાં, ભાજપ પાસે ૩૭ ધારાસભ્યો છે અને જેડીયુ પાસે એક ધારાસભ્ય છે. તેને નાગા પીપલ્સ ફ્રન્ટના પાંચ ધારાસભ્યો અને ત્રણ અપક્ષ ધારાસભ્યોનો ટેકો છે, જે તેને આરામદાયક બહુમતી આપે છે. મણિપુર જેડીયુ એકમના વડા કેશ બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને પત્ર લખીને તેમનો ટેકો પાછો ખેંચવાની જાણ કરી છે.

# શેખ હસીનાને ભારતમાંથી કોઈપણ કિંમતે પાછા લાવવા બાંગ્લાદેશની જાહેરાત

(એચ.એસ.એલ),ઢાકા,તા.૨૨





બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના હાલમાં ભારતમાં રહે છે અને તેમને ભારતથી બાંગ્લાદેશ પરત લાવવાના તમામ પ્રયાસો ચાલુ રહેશે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે આ જાહેરાત કરી છે. આ સાથે, એવું કહેવામાં આવ્યું છે કે જો જરૂર પડશે તો શેખ હસીનાને પરત લાવવા માટે આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની પણ માંગ કરવામાં આવશે. ઢાકા સ્થિત 'ડેઈલી સ્ટાર' અખબાર અનુસાર, યુનુસ સરકારના કાનૂની બાબતોના સલાહકાર આસિફ નજરુલે સચિવાલયમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે જો ભારત હસીનાને પાછા મોકલવાનો ઈનકાર કરે છે, તો તે બાંગ્લાદેશ અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિનું ઉલ્લંઘન કરશે.

# આગામી પાંચ વર્ષ સુધી NHM ને ચાલુ રાખવા કેન્દ્રીય કેબિનેટમાં નિર્ણય

નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્રીય મંત્રીમંડળે આગામી પાંચ વર્ષ માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન ચાલુ રાખવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે બુધવારે આ માહિતી આપી. મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે પત્રકારોને માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં મિશનએ ઐતિહાસિક લક્ષ્યો હાંસલ કર્યા છે. ગોયલે માહિતી આપી હતી કે ૨૦૨૧ થી ૨૦૨૨ દરમિયાન લગભગ ૧૨ લાખ આરોગ્ય કર્મચારીઓ રાષ્ટ્રીય આરોગ્ય મિશનમાં જોડાયા હતા અને ભારતે આ મિશન હેઠળ કોવિડ-૧૯ રોગચાળા સામે લડત આપી હતી.

# ઉદ્ધવ ઠાકરે શિવસેનામાં વધુ એક ભંગાણનાં એંધાણ : પાંચ ધારાસભ્યો એકનાથ શિંદેનાં સંપર્કમાં

મુંબઈ,તા.૨૨



મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના છાવણી (શિવસેના યુબીટી) માટે એક ખરાબ સમાચાર આવી રહ્યા છે. સરકારના મંત્રી ઉદય સામંતે દાવો કર્યો છે કે ઉદ્ધવ છાવણીના ૩ સાંસદો અને ૫ ધારાસભ્યો એકનાથ શિંદેના સંપર્કમાં છે. ઉદય સામંતે એક વીડિયો દ્વારા દાવો કર્યો હતો કે માત્ર શિવસેના (યુબીટી) જ નહીં પરંતુ કોંગ્રેસના કેટલાક નેતાઓ પણ શિવસેનાના સંપર્કમાં છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બધા એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનામાં જોડાઈ શકે છે. જો આવું થશે તો તે શિવસેના (યુબીટી) અને કોંગ્રેસ માટે મોટો ફટકો હશે. અગાઉ સંજય રાઉત અને વિજય વાડેટ્ટીવારે કહ્યું હતું કે એકનાથ શિંદે છાવણીના કેટલાક ધારાસભ્યો બળવો કરી શકે છે. પરંતુ હવે જે દાવા કરવામાં આવ્યા છે તેનાથી આખી વાર્તા બદલાઈ ગઈ હોય તેવું લાગે છે. ઉદય સામંતે કહ્યું કે વિપક્ષના ઘણા સાંસદો અને ધારાસભ્યો હવે એકનાથ શિંદે સાથે જોડાવા માંગે છે અને તેમની પાસે આનો સંપૂર્ણ રેકોર્ડ છે.

# ભારતીય ખેલાડી હિમા દાસ સહિત રમતવીરોએ મહાકુંભ દરમિયાન ગંગામાં ડૂબકી લગાવી

પ્રયાગરાજ, તા.૨૨





પ્રયાગરાજમાં સંગમ નદીના કિનારે મહાકુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારત અને વિદેશમાંથી કરોડો લોકો ગંગા સ્નાન કરવા માટે કુંભ મેળામાં પહોંચી રહ્યા છે. આમાં મોટી હસ્તીઓનો પણ સમાવેશ થાય છે. ૧૬ મહિનાના સસ્પેન્શન પછી નવી સીઝનમાં વાપસી કરવાની તૈયારી કરી રહેલી સ્ટાર સ્પ્રિન્ટર હિમા દાસે મહાકુંભ નગર આવીને ગંગામાં ડૂબકી લગાવી હતી. તેમના આધ્યાત્મિક ગુરુએ આ માહિતી આપી છે. જકાર્તા એશિયન ગેમ્સ ૨૦૧૮ ની સુવર્ણ ચંદ્રક વિજેતા અને ઢિંગ એક્સપ્રેસ તરીકે જાણીતી, હિમા તેના મિત્રો સાથે અહીં આવી હતી અને તેના આધ્યાત્મિક ગુરુ કેશવ દાસ જી મહારાજ પાસેથી આશીર્વાદ લીધા હતા. મહારાજ નિર્મોહી અખાડા સાથે સંકળાયેલા છે. મહારાજે કહ્યું કે જ્યારે હિમાને મહાકુંભમાં ઉત્તર-પૂર્વ શિબિર વિશે ખબર પડી, ત્યારે તે આવવાનો ઈનકાર કરી શકી નહીં. તે તેના મિત્રો સાથે આવી, ગંગામાં ડૂબકી લગાવી અને રવિવારે નીકળી ગઈ. અત્રે ઉલ્લેખનીય છે કે, કુંભના મેળામાં અગાઉ પણ રમતવીરોએ ગંગામાં ડૂબકી લગાવી છે.

# ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T૨૦માં ભારતનો સાત વિકેટે ભવ્ય વિજય

કોલકાતા, તા.૨૨



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલ ટી ૨૦ સિરીઝની પ્રથમ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને સાત વિકેટે હરાવ્યું છે. ટોસ જીતીને ભારતે ઈંગ્લેન્ડને પ્રથમ બેટિંગ આપ્યું હતું ઈંગ્લેન્ડે પ્રથમ ઓવરમાં જ ઓપનર સોલ્ટ ની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ ભારતીય બોલરોએ નિયમિત વિકેટ ખેડવી હતી. ઈંગ્લેન્ડ તરફથી જોશ બટલરે ૪૪ બોલમાં ૬૮ રનિંગ રમી હતી.ભારત તરફથી વરુણ ચક્રવર્તી એ ત્રણ વિકેટ જ્યારે અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે બે-બે વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ ૨૦ ઓવરમાં ૧૩૨ રન બનાવી ઓલ આઉટ થઈ ગયું હતું. ભારતે ૧૩૨ રનનો પીછો કરતા ઓપનોરોએ ધમાકેદાર શરૂઆત કરી હતી અને ઓપનર સંજુ સેમસન ૨૦ બોલમાં ૨૬ રન બનાવી આઉટ થયો હતો. અભિષેક શર્માએ ઈંગ્લેન્ડના બોલરો ને ચારે તરફ ફટકારીને શાનદાર ૨૦ બોલમાં અર્ધી સદી ફટકારી હતી. તે ૩૪ બોલમાં ૭૯ રન બનાવી આઉટ થયો હતો. કેપ્ટન સૂર્યકુમાર યાદવ શૂન્ય રન બનાવી આઉટ થયો હતો. ભારતે ૧૨.૫ ઓવરમાં જ ૧૩૨ રનનો લક્ષ્યાંક પાર કર્યો હતો અને સાત વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો.ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આચરે એક જ ઓવરમાં બે વિકેટ મેળવી હતી.

ગુજરાતના વિકાસને વેગ આપવા માટે

# આજે અમદાવાદમાં અમિત શાહનાં હસ્તે રૂા.૬૫૧ કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમદાવાદ,તા.૨૨



આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર લોકસભામાં આવતા વિસ્તારોમાં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. આ પ્રવાસ દરમિયાન, તેઓ રૂપિયા ૬૫૧ કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. ઝુંડાલમાં રૂ.૧૦૦ કરોડનાં આઈકોનિક રોડનું પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ લોકાર્પણ કરશે. ઉપરાંત, થલતેજ વોર્ડમાં રૂ.૧૩ કરોડમાં શિલજ તળાવનું લોકાર્પણ કરશે. આ સિવાય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન બોડકદેવ વોર્ડમાં રૂપિયા ૩.૩૫ કરોડનાં ખર્ચે બનાવેલું વેજિટેબલ માર્કેટનું લોકાર્પણ કરશે. હાઉસિંગ પ્રોજેક્ટ અંતર્ગત ૮૩ આવસ અને ૧૨ દુકાનોનું કોમ્પ્યુટરરાઈઝ ડ્રો અને લોકાર્પણ પણ અમિત શાહ પોતાના ગુજરાત પ્રવાસમાં કરવાના છે. આ સાથે ઘણા સમયથી રાહ જોવાતી એવા ચેનપુર અન્ડરપાસને પણ ખુલ્લો મૂકવામાં આવશે. આ સિવાય, રાણીપ ખાતે અમિત શાહ જાહેર સભાને સંબોધિત કરશે.

બેંગકોકથી આવેલા પ્રવાસી પાસેથી

# અમદાવાદ એરપોર્ટ પરથી સાત કરોડનું ડ્રગ્સ કસ્ટમ અધિકારીઓએ ઝડપી પાડયુ

અમદાવાદ,તા.૨૨




અમદાવાદમાં હવે થોડા-થોડા સમયના અંતરે ડ્રગ્સ પકડાવવા માંડ્યુ છે. હજી માંડ બે દિવસ પહેલા લાલ દરવાજામાં ૨૭ લાખનું એમડી ડ્રગ્સ પકડાયું હતું, આટલું ઓછું હોય તેમ હવે અમદાવાદ એરપોર્ટ પરથી સાત કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ એરપોર્ટ પર સાવધ કસ્ટમ્સ અધિકારીઓએ બેંગકોકથી આવેલા પ્રવાસી પાસેથી સાત કરોડનું ડ્રગ્સ ઝડપ્યુ હતુ.મુસ્તાક અહેમદ ઉમર ભટ્ટી નામનો પેસેન્જર સાત કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયો હતો.અગાઉ થાઈલેન્ડથી આવેલી મહિલા ડ્રગ્સ સાથે ઝડપાઈ હતી. આમ અમદાવાદમાં અઠવાડિયાની અંદર બીજી વખત ડ્રગ્સ પકડાયું છે. કસ્ટમ્સ વિભાગે આરોપીની ધરપકડ કરીને તેને અમદાવાદ પોલીસને સુપ્રત કર્યો છે. અમદાવાદ પોલીસે તેને પકડીને તેની પૂછપરછ શરૂ કરી દીધી છે. આ ડ્રગ્સ અમદાવાદ આવ્યું તેનો સીધો અર્થ એમ થાય કે અમદાવાદમાં તેને ક્યાંક સપ્લાય કરવાનું હતું અથવા તો અમદાવાદ તેનો ટ્રાન્સપોર્ટ રૂટ હતું. આ પકડાયેલા ડ્રગ્સના છેડા ક્યાં-ક્યાં અડી રહ્યા છે તેની તપાસ પોલીસે શરૂ કરી દીધી છે.

# ગુજરાતમાં આગામી બે દિવસ બાદ ફરી એકવખત ઠંડીનો રાઉન્ડ શરૂ થશે

અમદાવાદ,તા.૨૨



ગુજરાતમાં ફરીથી ઠંડીના કારણે લોકો ધ્રૂજી ઊઠશે, તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગુજરાતમાં પવનની પેટર્ન બદલાવાથી કડકડતી ઠંડીનો બીજા રાઉન્ડનો સામનો કરવો પડશે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની આગાહી કરી છે. આગામી દિવસોમાં માવઠું પડવાની શક્યતાઓ જણાઈ રહી છે. હાલમાં પૂર્વ અને ઉત્તરપૂર્વથી ફૂંકાતા પવનો દિશા બદલવા માટે સેટ છે, જેના કારણે તાપમાનમાં ૨-૩ સે નો ઘટાડો થશે. આ વખતે રાજ્યભરમાં કડકડતી ઠંડીનો ચમકારો જોવા મળશે. અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૬.૨ સે, જે સામાન્ય કરતાં ૪ ડિગ્રી વધારે છે, ઘટવાની ધારણા છે. અન્ય પ્રદેશો, જેમ કે નલિયા, પહેલાથી જ ઠંડા તાપમાનનો અનુભવ કરી રહ્યું છે, જેમાં તાજેતરમાં ૧૧સે નું નીચું તાપમાન નોંધાયું છે. પશ્ચિમી વિક્ષેપ મધ્યમ હોવાથી, ૨૩ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી સુધી ઠંડીની અસર રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ અને જામનગરમાં પણ ઠંડીનો અનુભવ થશે.

# સુરતમાં લોકરક્ષક દળની ભરતી પરીક્ષામાં દોડતી વખતે હાર્ટએટેકથી યુવાનનું મોત

(એચ.એસ.એલ),સુરત,તા.૨૨

સુરતના વાવમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરની ભરતી પરીક્ષા દરમિયાન એક ઉમેદવારનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસ, તબીબોની ટીમ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. વાલિયા એસઆરપી ફોર્સ ગ્રુપ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે કાર્યરત ૩૬ વર્ષીય સંજય કુમાર રસિકભાઈ ગામિતે પીએસઆઈ ભરતી પરીક્ષા આપી હતી. સવારે ૪:૪૫ વાગ્યે પહેલી બેચમાં ૫ કિમી દોડ દરમિયાન, ૧૨મા રાઉન્ડમાં દોડતી વખતે તે અચાનક બેભાન થઈને પડી ગયો. ફરજ પરના ડો. ચિરાગ કટારિયાએ તાત્કાલિક સીપીઆર ઓક્સિજન અને દવા આપીને પ્રાથમિક સારવાર આપી હતી, પરંતુ જ્યારે તેમની હાલત ગંભીર બની ત્યારે તેમને સવારે ૫:૦૫ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખોલવાડની દીનબંધુ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યમાં નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૨



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્ય સરકારના સાહસ જીએસપીસી અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા સીએસઆર અંતર્ગત નિર્માણ થનારી ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-શુભારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ નંદઘર- આંગણવાડી કેન્દ્રો નિર્માણનો ઈ-શુભારંભ નાણાં-ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાને આંગણવાડીને નંદઘર અને આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા કહી છે ત્યારે આંગણવાડીમાં આવતા બાળકના ઘડતરમાં યશોદા માતા જેવા કર્તવ્યભાવથી બહેનો સેવારત રહે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ.

# પતિ સાથેનાં ઝઘડામાં પત્નીએ બે સંતાનોને અગાસી પર નીચે ફેંક્યાં: બંને બાળકોનાં મોત

(એચ.એસ.એલ),દમણ,તા.૨૨



દમણમાં ૨ બાળકોના દુઃખદ મૃત્યુનો મોટો ખુલાસો થયો છે. ૨૧ જાન્યુઆરી બે બાળકો એક બિલ્ડિંગના ચોથા માળેથી પડ્યા છે. માહિતી મળતાની સાથે જ પોલીસ કર્મચારી સીએચસી મોટી દમણ પહોંચ્યા. જ્યાં આ પુષ્ટિ કરવામાં આવી કે બંને બાળકોને મૃત જાહેર કરાયા હતા. બાળકો, જે ભાઈઓ હતા. જેઓ ટીઆરવી, દલવાડા, નાની દમણના નિવાસી હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, આ દુઃખદ ઘટના પતિ-પત્નીના ઘરેલુ ઝઘડાના કારણે બની હતી. મહિલાએ પોતાના પતિ સાથે થયેલા ઝઘડાને લઈને ગુસ્સામાં આવીને બંને બાળકોને ૪થા માળની બાલ્કનીમાંથી નીચે ફેંકી દીધા હતા. આરોપી સીમા યાદવે બંને પુત્રોને એક બાદ એક બાલ્કનીમાંથી ફેંકી દીધા, જેના પરિણામે તેમના મોત નીપજ્યા હતા. આ પછી સીમાએ પોતાને પણ કૂદવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પતિએ તેને પકડી હતી. પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી અને આગળની તપાસ હાથ ધરી હતી. માતાએ બાળકોને અગાસી પરથી ફેંકી દેવાની ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

# સરધાર ગામે પુત્રના મોતનો બદલો લેવા માતાએ પુત્રવધૂના ભાઈની કરી હત્યા

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૨



રાજકોટના સરધાર પાસે સરધાર ગામની સીમમાં થયેલી હત્યાનો ભેદ આજીડેમ પોલીસે ઉકેલી નાખ્યો છે. ૮ જેટલા છરીના ઘા ઝીંકી બેરહેમીથી યુવકને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. પોલીસને શંકા હતી કે બદલો લેવા હત્યા થઈ છે. જ્યારે આરોપી મહિલાની ધરપકડ થઈ ત્યારે આરોપીએ કબુલ્યું હતું કે, પુત્રના આપઘાત પાછળ પુત્રવધુ જવાબદાર હતી. જેથી તેનો બદલો લેવા પુત્રવધુના ભાઈની હત્યા કરી હતી. પોલીસે આરોપી મહિલા સહિત બે સગીરની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. રાજકોટ પોલીસના સકંજામાં રહેલી આ મહિલાનું નામ સોનલબેન ઉર્ફે સોલુબેન સોહલીયા છે. આરોપી સોનલબેન પર પુત્રવધુના ભાઈની હત્યા કરવાનો આરોપ છે. રાજકોટ નજીકના સરધાર ગામે ગત તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. જે અંગે તપાસ કરતા આ લાશ સરધાર બસ સ્ટેન્ડમાં ઈલેક્ટ્રિકની દુકાન ધરાવતા ગિરીશ દિલીપભાઈ રાઠોડની હોવાનું ખુલ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક પોતાની માતાના ઓપરેશન માટે રામોદ જવા માટે સરધાર ગામેથી નીકળ્યા બાદ સર ગામે પહોંચ્યો હતો. ત્યારે તેને આંતરી ઉપરાછાપરી ૮ ઘા શરીરના અલગ અલગ ભાગોમાં મારી હત્યા નિપજાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં હત્યા પાછળનું કારણ બદલો લેવાની ભાવના હોવાનું સામે આવ્યું હતું.

# રાજકોટમાં વિધર્મી યુવકે સગીરા પર વારંવાર આચર્યું દુષ્કર્મ

**લગ્નની લાલચ આપી મોહજાળમાં ફસાવી કૃત્ય આચર્યું**

રાજકોટ,તા.૨૨



રાજકોટ શહેર પોલીસ ચોપડે વધુ એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. કાલાવડ રોડ વિસ્તારમાં રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને સ્કૂલવાન ચાલક વિધર્મી શખ્સે પ્રેમજાળમાં ફસાવી અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતું અને છાત્રા વિધર્મી શખ્સ સાથે ફોનમાં ચેટ કરતી હોવાથી પરિવારજનોને શંકા જતા છાત્રાનો ફોન તપાસતા ફાંડો ફુટયો હતો અને મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

રાજકોટમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી છાત્રા સાથે દુષ્કર્મની ઘટના બની હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ પાસે થી મળતી માહિતી મુજબ, ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને કાલાવડ રોડ પ્રેમમંદીર પાછળ આવેલા કવાર્ટરમાં રહેતો અને સ્કુલવાન ચલાવતો સેફ ઈલીયાઝ નામના વિધર્મી શખ્સની વાનમાં સ્કુલે જતી હતી. વિધર્મી સ્કૂલ વાન ચાલકે છાત્રા સાથે મિત્રતા કરી હતી બાદમાં બન્ને ઈન્સ્ટાગ્રામમાં ચેટ કરતા હતા. બન્ને વચ્ચે ગાઢ સંબંધ થતા વિધર્મી શખ્સે તેનો લાભ લઈ છાત્રાને વિવિધ સ્થળોએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું. હાલ પોલીસે આરોપી સેફ ઈલીયાસની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. પોલીસના કહેવા મુજબ, સ્કૂલ વેન ચાલક આરોપી સૈફનો ગઈકાલે જ ૨૦મો જન્મદિવસ હતો અને હવે તેના આ સમય દરમિયાન જ દુષ્કર્મ અને પોકસો જેવા ગંભીર ગુનામાં ધરપકડ કરવામાં આવી છે. ભોગ બનનાર છાત્રાને સાત-આઠ માસથી પોતાની વેનમાં સ્કૂલે તેડવા મૂકવા જતો હતો. જેમાંથી છ માસ પહેલા તેને લગ્નની લાલચ આપી પોતાની મોહજાળમાં ફસાવી હતી. તેની ઉપર રાજકોટની જુદી જુદી બે હોટલોમાં અને પોતાના ઘરે દુષ્કર્મ ગુજાયું હતું. તેણે અવારનવાર દુષ્કર્મ ગુજાર્યાની શક્યતા છે. ખોટી આઈડી પ્રૂફ જો આપવામાં આવ્યાનું ખુલશે તો હોટલમાં ચેક ઈન કરનાર અને સગીરાને જો પ્રવેશ આપવામાં આવ્યાનું ખુલશે તો હોટલ માલિક સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ ઝોન ૨ના ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.











